ઓગસ્ટ ૨૦૧૨

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



અતિક્રમણથી પાપ થાય છે ને પ્રતિક્રમણથી પાપ નાશ થાય છે. પાછા વળવાથી પાપ નાશ થાય છે. કર્મનો નિયમ શું છે ? માફી માંગવી એ જ કર્મનો નિયમ ! અતિક્રમણ કરો તો એનું પ્રતિક્રમણ કરો.



**તંત્રી :**
**ડિમ્પલ મહેતા**
વર્ષ : ૧૭, અંક : ૧૨
સળંગ અંક : ૨૦૪
**ઓગષ્ટ ૨૦૧૨**

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ.ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email : dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org

**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.
**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Editor : Dimple Mehta**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૬૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૭૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.


# દાદાવાણી

## કામ કાઢી લો, પ્રતિક્રમણથી

### સંપાદકીય

મનુષ્ય જીવનના વ્યવહારમાં એક સામાન્ય પ્રણાલિકા ઉદ્‌ભવેલી છે કે કપડાં ઉપર ડાઘ પડે તો તેને ધોઈ નાખવા. શાના માટે ? તો કપડાંને ડાઘ રહિત કરવા માટે. એ વ્યવહારની રીત ખોટી નથી. પણ ત્યાં મનુષ્ય જેટલો જાગૃત હોય છે, એટલો જ જાગૃત પોતાની અંદર 'અતિક્રમણ'રૂપી પડતા ડાઘ ધોવા માટે હોય છે ખરો ? એ અતિક્રમણથી પડતા ડાઘની અસર અને એનાથી મુક્ત થવાનો સરળ ઉપાય અનુભવી જ્ઞાની સિવાય કોણ બતાવી શકે ? આ અતિક્રમણ પોતાના તેમજ બીજાના જીવનમાં ઉદ્‌ભવતા દુઃખનું કારણ તેમજ મોક્ષમાં જતા વચ્ચે અંતરાયરૂપ છે તે હકીકત પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) એ સરળતાથી સમજાય એવો આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાનનો સિદ્ધાંત બતાવ્યો છે. જેના થકી મોક્ષમાર્ગનો પ્રવાસી અતિક્રમણરૂપી ડાઘમાંથી સંપૂર્ણ મુક્ત થઈ આત્યંતિક મુક્તિ પામવાના ધ્યેયને સિદ્ધ કરી શકે.

મનુષ્યના જીવનમાં પૂર્વે ઉપાર્જિત કર્મોના ઉદય વખતે ભૂલ કે દોષ થઈ જતા હોય છે. હવે ભૂલ કે દોષ થવા એ ખોટું છે એવું એને સમજાય, ત્યારથી જ તેની પાછા ફરવાની શરૂઆત થાય છે. અહીં દાદાશ્રી પ્રતિક્રમણનો સિદ્ધાંત સમજાવતા કહે છે કે જ્યારથી પોતાને પોતાની ભૂલ સમજાય અને ભૂલોના પસ્તાવા કરે, પ્રતિક્રમણ કરે એટલે એનો અભિપ્રાય બદલાય છે. અભિપ્રાયોથી કર્મ બંધાય ને એ જ અભિપ્રાય ફેરવવાથી જો સમકિત પ્રાપ્ત થયું હોય તો કર્મથી છૂટાય. અને પ્રત્યાખ્યાન કરે, શક્તિ માંગે એટલે ભગવાન માટે પરમ વિનય ઉત્પન્ન થયો. એટલે એને શક્તિ સહેજે મળ્યા કરે. એ શક્તિના આધારે એનો નિશ્ચય મજબૂત થાય અને એમ કરતા કરતા સંપૂર્ણ દોષ મુક્ત થઈ શકે એવી જબરજસ્ત શક્તિ આ આલોચના, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનના વિજ્ઞાનમાં રહેલી છે. અને આ વિજ્ઞાન સાયન્ટિફિક છે એટલે યથાર્થ કામ કરનારું છે, તરત જ ફળ આપનારું છે.

અક્રમ માર્ગે આત્મજ્ઞાનની પ્રાપ્તિ પછી વ્યવહાર નિકાલી છે. વ્યવહાર એ ક્રમણ છે. એ સહજ ઉકલે તો વાંધો નથી પણ આગ્રહ, અભિપ્રાય, કષાય, વિષય વગેરે સંયોગોની અસરમાં અતિક્રમણ થઈ જતા હોય છે. એ અતિક્રમણોના પ્રતિક્રમણ ના થાય ત્યાં સુધી આ જગતથી કેવી રીતે છૂટાય ? દાદાશ્રી કહે છે કે આપણો ધ્યેય હવે એકાવતારી થવાનો છે તો પછી કષાય-વિષયના દોષો સામે અજાગૃત રહે કેમ પાલવે ? ડગલે ને પગલે જાગૃતિ રહેવી જોઈએ. આપણામાં ક્રોધ-માન-માયા-લોભના કષાયો છે તે જ ભૂલો કરાવે છે અને ઉધારી ઊભી કરે છે. પણ તેની સામે તરત જ પ્રતિક્રમણ કરીને ચોખ્ખું કરી લેવું. પ્રતિક્રમણ તો ખરેખર શૂટ ઑન સાઈટ હોવું જોઈએ. દોષ ઉત્પન્ન થતાંની સાથે જ પ્રતિક્રમણ કરવામાં આવે તો નિવેડો આવે. આપણો ધ્યેય તો હવે નિવેડો લાવવો એ જ છે ને ? એટલે પાંચ આજ્ઞા અને પ્રતિક્રમણ એ જ મુખ્ય સાધન છે, જેનાથી પોતાના ધ્યેયને જરૂર સિદ્ધ કરી શકાય એમ છે.

દાદાશ્રી જગકલ્યાણની કરુણાસભર ભાવનાથી કહે છે કે વારે વારે આવો જોગ પ્રાપ્ત થતો નથી. આ તો અપવાદ રૂપે આ કાળમાં આવો યોગ પ્રાપ્ત થયો છે. ખરેખર આ અક્રમ વિજ્ઞાનની બલિહારી જ છે. માટે હવે કામ કાઢી લેવા જેવું છે. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે જ્યારે આ અલભ્ય વસ્તુ પ્રાપ્ત થઈ છે તો પછી તેનો પૂરેપૂરો લાભ ઊઠાવી લો, માથું મેલીને કામ કાઢી લો.

**જય સચ્ચિદાનંદ**

# કામ કાઢી લો, પ્રતિક્રમણથી

## પ્રતિક્રમણ કાઢે, અતિક્રમણના ડાઘ

**દાદાશ્રી :** આ ચાનો ડાઘ તમારા કપડાં ઉપર પડે તો તમે શું કરો છો ?

**પ્રશ્નકર્તા :** તરત જ ધોઈ નાખું છું.

**દાદાશ્રી :** ત્યાં તમે કેવા ચોક્કસ રહો છો ? કારણ કે તમને થાય છે કે ડાઘ રહી જશે, માટે તરત જ ત્યાં રોકડું ધોઈ નાખો છો; પણ 'મહીં' ડાઘ પડે છે તેની ખબર જ નથી ! અતિક્રમણ એટલે ડાઘ પડવો તે અને પ્રતિક્રમણ એટલે ડાઘ કાઢવો તે. જેને ડાઘ પડતો નથી તેને પ્રતિક્રમણની જરૂર નથી, 'જ્ઞાની પુરુષ'ને પ્રતિક્રમણની જરૂર નથી.

આ બધા ચાનો ડાઘ પડે કે તરત જ ધોઈ આવે, ત્યાં જરાય કાચો ના પડે; ત્યાં આગળ જ્ઞાની જરા કાચા પડી જાય, પણ ત્યારે જ્ઞાની મહીંના ડાઘ સામે કાચા ના હોય. 'જ્ઞાની પુરુષ'ને ડાઘ જ ના પડે, કારણ કે પોતે ગાઈને ગવડાવે; જ્યારે બીજા તો ગવડાવે પણ પોતે ગાય નહીં, તેનો ડાઘ પડી જાય. આ ચાનો ડાઘ પડે ને જો જાણે નહીં કે શેનાથી ધોવાય, તો શું થાય ? દૂધમાં બોળે તો દૂધનો ડાઘ પડે ને ફરી તેલમાં બોળીને કાઢવા જાય તો તે ડાઘ પાકો થઈ જાય. બહારના બધા લોક અત્યારે પ્રતિક્રમણ કેવું કરે છે ? દ્રવ્ય આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કરે છે; ભાવ આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન તો કોઈ કરતું જ નથી ! હા, ચાનો ડાઘ પડે છે ત્યાં ભાવ પ્રતિક્રમણ કરે છે ખરા ? પ્રતિક્રમણ તો ડાઘ પડે કે તરત જ પોતે ધોઈ નાખે, ત્યારે કર્યું કહેવાય ! આ તો મહીંનો ડાઘ ત્યારે ના કાઢે; એ ડાઘને પાકો થવા દે. પછી ધોવા જાય ત્યારે ડાઘ શું તમારી રાહ જોઈને બેસી રહે ? ના, એ તો ડાઘ પડી જ જાય !

કોઈને ઊંચે સાદે બોલ્યા ને એનાથી સામાવાળાને દુઃખ થાય તો મહીં પ્રતિક્રમણ કરી લેવું પડે, કારણ કે આ અતિક્રમણ થયું, તે અતિક્રમણનું પ્રતિક્રમણ કરવું પડે.

ભગવાને કહ્યું છે કે, આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન એ સિવાય વ્યવહારધર્મ જ બીજો નથી. પણ તે કેશ હોય તે, ઉધાર નહીં ચાલે. ગાળ કોઈને આપીએ, આ હમણે થયું તે લક્ષમાં રાખ, કોની જોડે શું થયું તે ? અને પછી આલોચના કરી, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન કેશ (રોકડું) કર. એને ભગવાને વ્યવહાર-નિશ્ચય બેઉ કહ્યું. પણ એ થાય કોને ? સમકિત થયા પછી, ત્યાં સુધી કરવું હોય તોયે ના થાય. તે સમકિત થતુંયે નથીને ! છતાંય કોઈ આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન આપણે ત્યાં શીખી જાય, તોયે કામ કાઢી નાખે. ભલે નોંધારું શીખી જાય તોયે વાંધો નથી. એને સમકિત સામું આવીને ઊભું રહેશે !!!

## પ્રતિક્રમણની રીત

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણમાં શું કરવાનું ?

**દાદાશ્રી :** મન-વચન-કાયાનો યોગ, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ, ચંદુલાલ* તથા ચંદુલાલના નામની સર્વ માયાથી નોખા એવા 'શુદ્ધાત્મા'ને સંભારીને કહેવું કે, 'હે શુદ્ધાત્મા ભગવાન ! મારાથી ઊંચે સાદે બોલાયું તે ભૂલ થઈ, માટે તેની માફી માંગું છું અને તે ભૂલ હવે ફરી નહીં કરું એ નિશ્ચય કરું છું. તે ભૂલ ફરી નહીં કરવાની શક્તિ આપો.' 'શુદ્ધાત્મા'ને સંભાર્યા અથવા 'દાદા'ને સંભાર્યા ને કહ્યું કે 'આ ભૂલ થઈ ગઈ'; એટલે એ આલોચના, ને એ ભૂલને ધોઈ નાખવી એ પ્રતિક્રમણ અને એ ભૂલ ફરી નહીં કરું એવો નિશ્ચય કરવાનો એ પ્રત્યાખ્યાન છે. સામાને નુકસાન થાય એવું કરે અથવા એને આપણા થકી દુઃખ થાય એ બધા અતિક્રમણ અને તેના તરત જ આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કરવા પડે.

આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન એકલું મોક્ષમાર્ગનું સાધન છે, બીજું કોઈ સાધન નથી આ



* ચંદુભાઈની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

જગતમાં. બીજું સાધન એટલું કે જ્ઞાની પુરુષથી જ્ઞાન મળે પછી આ કામ લાગશે. નિશ્ચયજ્ઞાન એ ફક્ત જ્ઞાનીઓની પાસે હોય. એ પુસ્તકમાં નિશ્ચયજ્ઞાન હોતું નથી. જ્ઞાનીઓના હૃદયમાં છુપાયેલું હોય છે. એ નિશ્ચયજ્ઞાન જ્યારે આપણે સાંભળીએ, વાણીરૂપે સાંભળીએ ત્યારે આપણો નિવેડો આવે. નહીં તો પુસ્તકમાં વ્યાવહારિક જ્ઞાન હોય છે. એય પણ ઘણા ખુલાસા આપી શકે છે. એનાથી બુદ્ધિ વધે છે. મતિજ્ઞાન વધતું જાય. શ્રુતજ્ઞાનથી મતિજ્ઞાન વધે ને મતિજ્ઞાન એનો નિવેડો લાવે, પાપથી કેમ છૂટવું તે ! બાકી બીજો કોઈ ઉપાય છે નહીં. અને બીજી પોતાની ભાવના, તરત જ ફળ આપનારી છે. 'ધીસ ઈઝ ધ કેશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન !' 'કેશ બેંક' આ જ ! દસ લાખ વર્ષથી નીકળી જ નથી ! બે કલાકમાં મોક્ષ લઈ જાવ !! અહીં આગળ તું જે માંગું એ આપવા તૈયાર છું.

## દુઃખ થાય માટે પશ્ચાતાપ

**પ્રશ્નકર્તા :** પાપ દૂર કરવા પ્રાયશ્ચિત્ત સિવાય બીજો કોઈ ઉપાય ખરો ?

**દાદાશ્રી :** પાપ દૂર કરવા પ્રાયશ્ચિત્ત સિવાય બીજો કોઈ ઉપાય નથી. આપણું આ વિજ્ઞાન મળ્યા પછી હાર્ટિલી પસ્તાવો કરે તોય બધા પાપો બળી જાય. બીજા લોકોને પણ પાપો બળી જાય પણ આખું ના બળી જાય. આપણે તો આવું વિજ્ઞાન મળ્યા પછી, એ ખૂબ પસ્તાવો રાખ્યા કરે તો પછી પાર નીકળી જાય !

## સો ટકા સાચો રસ્તો

**પ્રશ્નકર્તા :** એટલે માફી માંગવાથી આપણા પાપનું નિવારણ થઈ જાય ખરું ?

**દાદાશ્રી :** એનાથી જ પાપનું નિવારણ થઈ જાય, બીજો કોઈ રસ્તો જ નથી.

**પ્રશ્નકર્તા :** તો પછી ઘડીએ ઘડીએ માફી માંગે ને ઘડીએ ઘડીએ પાપ કરે ?

**દાદાશ્રી :** ઘડીએ ઘડીએ માફી માંગવાની છૂટ છે. ઘડીએ ઘડીએ માફી માંગવી પડે. હા ! સો ટકાનો રસ્તો આ ! માફી માંગવા સિવાય બીજા કોઈ રસ્તે છૂટે જ નહીં આ જગતમાં. પ્રતિક્રમણથી બધા પાપો ધોવાઈ જાય.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ કરવાથી પાપ નાશ થાય છે, તેની પાછળ સાયન્સ શું છે ?

**દાદાશ્રી :** અતિક્રમણથી પાપ થાય છે ને પ્રતિક્રમણથી પાપ નાશ થાય છે. પાછા વળવાથી પાપ નાશ થાય છે.

**પ્રશ્નકર્તા :** તો પછી કર્મનો નિયમ ક્યાં લાગુ પડે ? આપણે માફી માંગીએ અને કર્મ છૂટી જાય તો પછી એમાં કર્મનો નિયમ ના રહ્યોને ?

**દાદાશ્રી :** આ જ કર્મનો નિયમ ! માફી માંગવી એ જ કર્મનો નિયમ ! કર્મનો નિયમ શું છે ? અતિક્રમણ કરે તો એનું પ્રતિક્રમણ કરો. સમજાયું તમને ?

**પ્રશ્નકર્તા :** તો તો બધા પાપ કરતા જાય ને માફી માંગતા જાય.

**દાદાશ્રી :** હા, પાપ કરતા જવાનું ને માફી માંગતા જવાનું, એ જ ભગવાને કહેલું છે.

**પ્રશ્નકર્તા :** પણ ખરા મનથી માફી માંગવાનીને ?

**દાદાશ્રી :** માફી માંગનારો ખરા મનથી જ માફી માંગે છે અને ખોટા મનથી માફી માંગે તોય ચલાવી લેવાશે, તોય માફી માંગજો.

**પ્રશ્નકર્તા :** તો તો પછી એને ટેવ પડી જાય !

**દાદાશ્રી :** ટેવ પડી જાય તો ભલે પડી જાય પણ માફી માંગજો. માફી માંગ્યા વગર તો આવી બન્યું જાણો ! માફીનો શો અર્થ છે ? એને પ્રતિક્રમણ કહેવાય છે. અને દોષને શું કહેવાય ? અતિક્રમણ.

આ પાપ જે છે ને, એ શેને પાપ કહીએ છીએ

આપણે ? ત્યારે કહે કે જો તમે આ બધું કરો છો, તે કરવાને માટે વાંધો નથી. આ બધા બેઠા છે. અત્યારે કોઈ જણને વાંધો નથી. એમાં કોઈ એક જણ કહે કે 'કેમ તમે આ મોડા આવો છો ?' આપણને એવું કહે, ત્યારે એમણે અતિક્રમણ કર્યું કહેવાય. જે લોકોને ગમે નહીં એવું કહે, કે આવું ક્યાં બોલે છે ? એ અતિક્રમણ કર્યું કહેવાય.

એ અતિક્રમણ કરે તેને માટે જ ભગવાને પ્રતિક્રમણ કહ્યું છે. એટલે પશ્ચાત્તાપ કેટલાનો કરવાનો છે કે જે લોકોને ન ગમે, લોકોને દુઃખ થાય, એવી વાત માટે પશ્ચાત્તાપ કરજે. ગમતું હોય તેને માટે નહીં.

ન ઈચ્છા હોય તોય કોઈ ફેરો સામાને દુઃખ થાય એવું બોલાઈ જવાય, તો તે ઘડીએ પસ્તાવો કરજે. અને પસ્તાવો કરીને પછી એવું કહેજે કે 'દાદા ભગવાન, એને શાંતિ આપજો.'

### સમજાવવાનો જ ઉપાય

**પ્રશ્નકર્તા :** કોઈ માણસ ભૂલ કરે, પછી આપણી પાસે માફી માંગે, આપણે માફ કરી દઈએ, ના માંગે તોય આપણે મનથી માફ કરી દઈએ, પણ ઘડીએ ઘડીએ એ માણસ ભૂલ કરે તો આપણે શું કરવું ?

**દાદાશ્રી :** પ્રેમથી સમજાવાય એટલું સમજાવવું, બીજો કોઈ ઉપાય નથી. અને આપણા હાથમાં કોઈ સત્તા નથી. આપણે માફ કર્યે જ છૂટકો છે આ જગતમાં. નહીં માફ કરો તો માર ખવડાવીને (ખાઈને) માફ કરશો તમે. (બીજો) ઉપાય જ નથી. આપણે સમજણ પાડવી, એ ફરી ફરી ભૂલ ના કરે, એવા ભાવ ફેરવી નાખે તો બહુ થઈ ગયું. માણસ નક્કી કરે કે હવે મારે ભૂલ કરવી જ નથી, છતાં થઈ જાય છે એ જુદી વસ્તુ છે. પણ કરવી જ છે, એવું કહે તો એનો પાર જ નહીં આવે. એ તો ઊંધે ફરેલો માણસ કહેવાય. ભૂલ કરનારને પોતાને પસ્તાવો થાય ને નહીં કરું એવું નક્કી કરે, પછી છે તે ફરી ભૂલ થાય તો વાંધો નથી. નહીં કરું એવું નક્કી પણ કરે પસ્તાવો થાય, પશ્ચાત્તાપ કરવો જોઈએ. પછી થાય તો પાછો પશ્ચાત્તાપ કરવો જોઈએ.

એનું કારણ શું છે ? ત્યારે કહે, ભૂલના કેટલાય પડ છે, ડુંગળીની પેઠે. એ પડ પસ્તાવો કરવાથી જતાં રહે, પણ બીજું પડ પાછું આવે, એટલે ડુંગળી એવી ને એવી દેખાય. એ તો જ્યારે બધા પડ જતાં રહે ત્યારે ખાલી થાય. ત્યાં સુધી ના થાય. એ તો અનંત અવતારથી ભૂલો પાર વગરની કરી છે.

### પછી જવાબદારી નથી

**પ્રશ્નકર્તા :** આપણે પ્રત્યક્ષમાં 'સોરી' કહીએ છીએ, ત્યારે તેમાંય જુનિયર (હાથ નીચેના) માણસને કહીએ તો, તેના મગજમાં એટલી બધી રાઈ ચઢી જાય છે, જેનો કોઈ હિસાબ નહીં.

**દાદાશ્રી :** એવું કશું કહેવાનું નહીં. જો આપણે બોલ છૂટી ગયો, પછી આપણને પસ્તાવો થાય છે કે નહીં ? પસ્તાવો થાય એટલે પ્રતિક્રમણ કરીએ છીએ. પછી 'યુ આર નોટ રિસ્પોન્સિબલ એટ ઑલ.' તમે એના જવાબદાર નથી. એટલે અમે આ કહેલું કે એમની જવાબદારી અમે માથે સ્વીકારીએ છીએ. કારણ કે તમે જો આટલું કરોને તો પછી તમારી જોખમદારી નથી. પછી એની વકીલાત કરતા અમને આવડે. પણ આટલું અમારું કહેલું કરો, પછી તમે કાયદામાં આવી ગયા. એટલે પછી વકીલાત, પછી જે થાય એ તો અમને આવડે. અમે પહોંચી વળીએ. પણ આટલું અમારું કહ્યું કરો તો બહુ થઈ ગયું.

એટલે માફી અવશ્ય માંગો ને આ ડાહ્યા, દોઢ ડાહ્યાની વાત જવા દો. કોઈ ખોટું કરતો હોય ને માફી માંગતો હોય તો કરવા દોને ! 'ધીસ ઈઝ કમ્પ્લીટ લૉ.' (આ સંપૂર્ણ કાયદો છે.)

કોઈ બ્રાન્ડી (દારૂ) પીતો હોય અને કહેશે કે હું માફી માંગું છું. તો હું કહું કે માફી માંગજે. માફી માંગતો જજે ને પીતો જજે. પણ મનમાં નક્કી કરજે કે મારે હવે છોડી દેવી છે. સાચા દિલથી મનમાં નક્કી

કરજે. પછી પીતો જજે ને માફી માંગતો જજે. એક દહાડો એનો અંત આવશે. આ સો ટકાનું મારું વિજ્ઞાન છે. ઉગ્યા વગર રહે નહીં.

## વૈજ્ઞાનિક શોધખોળ : શક્તિ માંગવી તે

એક છોકરો ચોર થઈ ગયો છે. એ ચોરી કરે છે. લાગ આવે તે ઘડીએ ગજવામાંથી કાઢે. ઘેર ગેસ્ટ (મહેમાન) આવ્યા હોય તેનેય ના છોડે. અરે, ઘણા ગેસ્ટને તો પાછું જવાનું ભાડું ખલાસ થઈ ગયું હોય, તોય છોકરો એના પૈસા કાઢી નાખે, તો પેલો શું કરે બિચારો ? શી રીતે પાછા માંગે ? અને ઘરમાં કહેવાય નહીં, જ્યાંથી લીધા ત્યાં. કારણ કે એવું કહે તો છોકરાને ઘરવાળાં મારે એટલે બીજી જગ્યાએથી ઉછીના લઈને પણ ઘેર ગયેલા. શું થાય ? પેલો છોકરો ખાલી જ કરી નાખેને ! હવે એ છોકરાને આપણે શું શીખવાડીએ ? કે આ ભવમાં તું દાદા ભગવાન પાસે ચોરી ન કરવાની શક્તિ માંગ.

**પ્રશ્નકર્તા :** આપણે પ્રતિક્રમણ કરીએ એટલે ક્રમિકમાં થોડા પેઠાં ?

**દાદાશ્રી :** ક્રમિક માર્ગમાં પેઠા એટલા માટે નથી આ. આપણે આ સ્વભાવના વિરોધી છીએ. એવું કંઈ નક્કી ના થાય, ત્યાં સુધી સ્વભાવ આપણી પાસે પડી રહેશે. એવું આ બહુ ઝીણી વાત છે. જો આપને સમજાય તો તમારું કલ્યાણ કરી નાખશે.

**પ્રશ્નકર્તા :** ખરું એ જાણતા નથી કે દવા શું કામ કરી રહી છે. એટલે માંગવાથી લાભ થાય છે કે નહીં એ પણ નથી સમજતા.

**દાદાશ્રી :** એટલે આનો શો ભાવાર્થ છે કે એક તો એ છોકરો માંગે છે કે મને ચોરી ન કરવાની શક્તિ આપો. એટલે એક તો એણે એનો અભિપ્રાય બદલી નાખ્યો. 'ચોરી કરવી એ ખોટું છે અને ચોરી ન કરવી એ સારું છે' એવી શક્તિઓ માંગે છે. માટે ચોરી ન કરવી એ અભિપ્રાય ઉપર આવ્યો. મોટામાં મોટું આ અભિપ્રાય બદલાયો ! અને અભિપ્રાય બદલાયો એટલે ત્યાંથી આ ગુનેગાર થતો અટક્યો.

પછી બીજું શું થયું ? ભગવાન પાસે શક્તિ માંગે છે એટલે એની પરમ વિનયતા ઉત્પન્ન થઈ. હે ભગવાન ! શક્તિ આપો. એટલે તરત શક્તિ આપે એ. છૂટકો જ નહીંને ! બધાને આપે. માંગનાર જોઈએ. તેથી કહું છું ને આ તો તમે માંગતા ભૂલો છો ! આ તમે તો કશું માંગતા જ નથી, કોઈ દહાડો નથી માંગતા.

આ વાત તમને સમજાઈ, શક્તિ માંગો એ ? આ વિજ્ઞાન સાયન્ટિફિક છે, એટલે યથાર્થ કામ કરનારું છે.

## વૈજ્ઞાનિક રીતથી આવે ઉકેલ

**પ્રશ્નકર્તા :** આ તો બહુ વૈજ્ઞાનિક ખુલાસો છે. અભિપ્રાય બદલાયો અને સાચું માગ્યું.

**દાદાશ્રી :** અને 'શક્તિ આપો' એમ કહે છે. 'આપો' કહેલું એ તો કંઈ જેવી તેવી વાત છે ? ભગવાન ખુશ થઈને કહે છે, 'લે.'

અને બીજું એનો અભિપ્રાય તો બદલાઈ ગયો છે. બાકી એને મારી-મારીને, મારી-ઠોકીને અભિપ્રાય બદલાય નહીં. એ તો અભિપ્રાય મજબૂત કરી આપે. ચોરી કરવી જ જોઈએ. અલ્યા, મારી-ઠોકીને દવા ના થાય આવી, દવા માટે તો દાદા પાસે તેડી જા. ખોળામાં બેસાડીને ડાહ્યો કરી દેશે. દવાના જાણકાર જોઈએ ને !

અભિપ્રાય બદલવો એ કંઈ સહેલી વાત નથી. આવી ગુપ્ત રીતે બદલાય. એમને એમ આપણે કહીએ કે ચોરી નહીં કરવી એ સારું છે. ચોરી કરવી એ ખોટું છે. તો મનમાં સમજી જાય કે આ વગર કામનું કરીએ છીએ ને ના કરવાનું બોલે છે. તે રસ્તે ન ચઢે. અને અમારી આ વૈજ્ઞાનિક શોધખોળ છે બધી.

મોટામાં મોટો અભિપ્રાય પોતાનો બદલાયો, પણ કહે છે, એ અભિપ્રાય તો મારો થઈ ગયો, પણ હવે ભગવાન મને શક્તિ આપો. હવે મને તમારી શક્તિની જ જરૂર. મારો અભિપ્રાય તો બદલાઈ ગયો છે.

**પ્રશ્નકર્તા :** અને વધુ તો દેનારો બેઠો છે. એટલે માંગવા જેવું છે.

**દાદાશ્રી :** હા, માંગો એ આપવા તૈયાર છું.

એક કલાકમાં મારા જેવો બનાવું એવી મેં આ ગેરન્ટી આપી છે. બધું બોલ્યો છું. એવી ગેરન્ટી નથી આપી ? કેટલાય વર્ષથી આ ગેરન્ટી આપું છું. 'મારા જેવો એક કલાકમાં બનાવી દઉં. તમારી તૈયારી જોઈએ.'

જ્ઞાની પુરુષ બધી દવા બતાવી દે, રોગનું નિદાનેય કરી આપે ને દવાયે બતાડી આપે. આપણે ફક્ત પૂછી લેવાનું કે 'સાચી વાત શું છે અને મને તો આમ સમજાયું છે.' એટલે તરત બતાડે ને તે 'બટન' દબાવવાનું એટલે ચાલુ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** ભૂલનો ખ્યાલ આવે ત્યારે પ્રતિક્રમણ વિધિ કરવી કે નહીં ?

**દાદાશ્રી :** કશો વાંધો નહીં. બહુ બેફામ થઈ જાય તો, 'દાદા, માફી માંગું છું અને ફરી મને શક્તિ આપો. દાદાની પાસે માફી માંગવી જોડે જોડે, જે વસ્તુની માફી માંગીએ તે વસ્તુમાં મને શક્તિ આપો, દાદા શક્તિ આપો. શક્તિ માંગીને લેજો, તમારી પોતાની વાપરશો નહીં. નહીં તો તમારી પાસે ખલાસ થઈ જશે. અને માંગીને વાપરશો તો ખલાસ નહીં થાય ને વધશે, તમારી દુકાનમાં કેટલો માલ હોય ?

હરેક બાબતમાં દાદા, મને શક્તિ આપો. હરેક બાબતમાં શક્તિ માંગ માંગ કરીને જ લેવી. પ્રતિક્રમણ ચૂકી જવાય તો પ્રતિક્રમણ મને પદ્ધતિસરનું કરવાની શક્તિ આપો. બધી શક્તિ માંગીને લેવી. અમારી પાસે તો તમે માંગતા ભૂલો એટલી શક્તિ છે.

મનુષ્યોનો સ્વભાવ કેવો હોય છે કે જેવી પ્રકૃતિ એવો પોતે થઈ જાય. જ્યારે પ્રકૃતિ સુધરતી નથી ત્યારે કહેશે, 'મેલ છાલ' ! અલ્યા, ના સુધરે તો કશો વાંધો નથી, તું આપણે અંદર સુધારને ! પછી આપણી 'રિસ્પોન્સિબિલિટી (જવાબદારી) નથી ! આટલું બધું આ 'સાયન્સ' છે !!! બહાર ગમે તે હોય તેની 'રિસ્પોન્સિબિલિટી જ નથી. આટલું સમજે તો ઉકેલ આવી જાય.

### કલ્યાણકારી પ્રતિક્રમણ

તે (દોષોનું) પ્રાયશ્ચિત્ત કરવું પડે. તું કરે છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** દાદા ભગવાનના નામથી પ્રતિક્રમણ કરે છે કે નથી કરતો ?

**પ્રશ્નકર્તા :** પેલી ચોપડી આપેલીને ? એનું કરું છું, નવ કલમો કરું છું.

**દાદાશ્રી :** કરું છું ને ? એ પ્રતિક્રમણ જ છે. મોટામાં મોટું પ્રતિક્રમણ દાદા ભગવાનની નવ કલમો મૂકાઈ છે ને, એ આખા જગતને કલ્યાણકારી એવું પ્રતિક્રમણ છે.

**પ્રશ્નકર્તા :** જે અમુક વખતે ડખોડખલ થઈ જાય છે કે સેન્સિટિવ (લાગણીશીલ) થઈ જાય છે, એને અટકાવવા માટે શું કરવું જોઈએ ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણ ને પસ્તાવો કરવાનો ને ભાવના ભાવવી જોઈએ કે આમ ન થવું જોઈએ ને આમ થવું જોઈએ. આપણી પેલી ચોપડીઓની નવ કલમો જેને આવડી ગઈ, તેનું થઈ ગયું કલ્યાણ !

**પ્રશ્નકર્તા :** આ વાત સાચી કે પશ્ચાત્તાપના ઘડામાં ગમે તેવું પાપ હોય તો...

**દાદાશ્રી :** હલકું થઈ જાય, પશ્ચાત્તાપને લઈને.

### બને બળેલી સીંદરી સમ

**પ્રશ્નકર્તા :** સાવ બળીને ખાખ ના થઈ જાય ?

**દાદાશ્રી :** સાવ બળીયે જાય. એવા કેટલાક પાપ તો બળીયે જાય, ખલાસ થઈ જાય. પશ્ચાત્તાપનો સાબુ એવો છે કે ઘણા ખરા કપડાંને (દોષોને) લાગુ થઈ જાય.

હંમેશાં કોઈ પણ કાર્યનો પસ્તાવો કરો, એટલે એ કાર્યનું ફળ બાર આની નાશ જ થઈ જાય છે. પછી બળેલી દોરી હોયને, એના જેવું ફળ આપે. તે બળેલી દોરડી આવતે ભવે આમ જ કરીએ, તે ઊડી જાય. કોઈ ક્રિયા એમને એમ નકામી તો જાય જ નહીં. પ્રતિક્રમણ કરવાથી એ દોરડી સળગી જાય છે. પણ ડિઝાઈન તેની તે જ રહે છે. પણ આવતે ભવે શું કરવું પડે ? આમ જ કર્યું, ખંખેર્યું કે ઊડી ગઈ.

**પ્રશ્નકર્તા :** અને એમાં આપની સામે કરે, એટલે પછી શું રહે ?

**દાદાશ્રી :** કલ્યાણ થઈ જાય. એટલે પશ્ચાતાપના સાબુ જેવો કોઈ દુનિયામાં સાબુ નથી.

કરેલી ક્રિયા તો જાય જ નહીં. પણ આ જ્ઞાન લીધા પછી, 'તમે' 'ચેતન' બહાર છૂટું પાડ્યા પછી, એ ક્રિયાઓ મડદાલ ક્રિયાઓ છે, નિશ્ચેતન ક્રિયાઓ છે. એટલે એની જવાબદારી છૂટી જાય છે.

## આપણે કરનાર નહીં, જાણનાર

**પ્રશ્નકર્તા :** આપણે કોઈને માનસિક દુઃખ પહોંચાડીએ, ત્યારે અન્યાય કર્યો કહેવાય. જો આપણે ધંધો કરતા હોઈએ અને ધંધામાં તો માલ એનો એ જ છે, (પણ) ભાવ વધારીએ તો કમાણી થાય, જ્યારે તમે ભાવ વધારો તો એનાથી બીજાને મન દુઃખ થાય, તો એનાથી આપણને નુકસાન થાય ખરું ?

**દાદાશ્રી :** આપણે એટલે કોણ પણ ? હુ (Who) ? ચંદુભાઈ કે શુદ્ધાત્મા ?

**પ્રશ્નકર્તા :** ચંદુભાઈ.

**દાદાશ્રી :** તમે તો શુદ્ધાત્મા છોને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** તો ચંદુભાઈ કર્તા છે, તેમાં તમારે શું લેવાદેવા ? તમે જુદા ને ચંદુભાઈ જુદા.

તમે ભાવ વધારો તો દુઃખ થાય. ભાવ વધારો નહીં તો કશો વાંધો નહીં. આમાં તમે કર્તા થઈને કરો તો દુઃખ થાય ને જો વ્યવસ્થિતને કર્તા સમજો તો તમારે કશી જવાબદારી નથી. વ્યવસ્થિત કર્તા છે, એ સ્વીકાર કરો, સમજો. ખરેખર તો તમારી જોખમદારી નથી. મેં તમને એવા સ્ટેજ (ભૂમિકા) ઉપર મૂક્યા છે કે તમારી જોખમદારી બંધ થઈ જાય. જોખમદારીનો એન્ડ (અંત) થાય. એટલે કર્મ કરવા છતાં અકર્મની સ્થિતિ પર મૂક્યા છે તમને.

આ તો જેને જ્ઞાન આપું છું તેને, બીજા બધા તો કર્તા છે જ. મારા જ્ઞાનને સમજી અને પાંચ આજ્ઞા સમજે તો નિવેડો આવે.

ક્રમિક માર્ગમાં આત્મા પ્રાપ્ત થયા પછી પ્રતિક્રમણ ના હોય. પ્રતિક્રમણ 'પોઈઝન' (ઝેર) ગણાય છે. 'આપણે' અહીંય પ્રતિક્રમણ હોતું નથી. આપણે પ્રતિક્રમણ 'ચંદુભાઈ' પાસે કરાવીએ છીએ. કારણ કે આ તો અક્રમ, અહીં તો બધો જ માલ ભરેલો. શુંનો શું માલ ભરેલો, એ પહોંચી જ કેવી રીતે શકે ?

## અતિક્રમણ ને આક્રમણ

પ્રતિક્રમણ આ બે શબ્દોનું કરવાનું હોય; એક અતિક્રમણ અને બીજું આક્રમણ. આક્રમણ વસ્તુ આપણામાં ન હોવી જોઈએ. આક્રમણ એટલે એટેકીંગ નેચર (હુમલાખોર સ્વભાવ). આક્રમણ એટલે વાત વાતમાં, શબ્દમાંય એટેક (હુમલો) કરી નાખે. શબ્દમાં એટેક થાય, એ એટેકીંગ નેચર કહેવાય, આક્રમણ કહેવાય.

અતિક્રમણ ને આક્રમણમાં ફેર શો ?

અતિક્રમણનો દોષ એટલો નથી, આક્રમણનો દોષ ભયંકર છે. આ મહીં આડો-અવળો વિચાર આવે છે એ અતિક્રમણ, પણ 'આને સીધો કરી નાખું, મારું જે થવાનું હોય તે થાય, પણ તારું તો કરી જ નાખું', એ બધા ભાવ તે આક્રમક ભાવ છે.

સ્વરૂપજ્ઞાનની પ્રાપ્તિ પછી આક્રમક ભાવ ના હોય, છતાં અતિક્રમણ થાય. જે સામાન્ય હોવું જોઈએ તેનાથી વિશેષ થાય, અતિ થાય તે અતિક્રમણ. આક્રમક ભાવ ગયો એટલે વીતરાગતામાં આવ્યો. આક્રમક ભાવ અને અતિક્રમણ ભાવમાં બહુ ડિફરન્સ (ફરક) છે. સ્વરૂપજ્ઞાન મળ્યા પછી કો'ક ઉપર અભાવભાવ થયા કરે અને મહીં વંટોળ જેવું જાગે, તેમાં આક્રમક ભાવ ના હોય. તેવા અભાવભાવ આક્રમણ કરાવીને નથી જતા, પણ અતિક્રમણ કરાવીને જાય છે; માટે તેમાં પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કરવાના બાકી રહે છે. એકને એક વ્યક્તિ માટે આવા અતિક્રમણ, આવા અભાવભાવ હજાર-હજાર વખત પણ આવે અને હજાર-હજાર વખત આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન તેની સામે કરે, તો જ તેવા ભારે અતિક્રમણથી છૂટા થવાય. આ જ્ઞાન પછી રજમાત્ર પણ અભાવભાવ આપણામાં હોવો જ ના જોઈએ. હવે તો આપણે નવી લડાઈ કરવી નથી અને જે જૂની લડાઈ છે, એનો નિકાલ જ કરવાનો છે !

**પ્રશ્નકર્તા :** આક્રમણ એટલે સીધો જ એટેક થયો ?

**દાદાશ્રી :** હા. એટેક જ, બસ ! હુમલો કરવો, આક્રમણ ! અને ક્રમણ એટલે શું ? ત્યારે કહે, વ્યવહારિક વાતચીતો ચાલતી હોય એવી રીતે સવાર સુધી વાતો કર્યા કરીએ અને કોઈને દુઃખ ના થયું હોય તો આપણે જાણવું કે એ ક્રમણ કહેવાય. સહેજેય કોઈને 'જોક' (મજાક) કરી હોય અને સામો જરા કાચો હોયને, જરા ચલાવી લેતો હોય, પણ મહીં એને દુઃખ થાય તો એ અતિક્રમણ કર્યું કહેવાય. અમે બધાની 'જોક' કરીએ પણ કેવી ? નિર્દોષ 'જોક' કરીએ. અમે તો એનો રોગ કાઢીએ ને એને શક્તિવાળો બનાવવા માટે 'જોક' કરીએ. જરા ગમ્મત આવે, આનંદ આવે ને પાછું એ આગળ વધતો જાય. નિર્દોષ જોક કરીએ બધી. બાકી એ જોક કોઈને દુઃખ ના કરે.

અતિક્રમણ થઈ જવું એ સ્વાભાવિક છે ને પ્રતિક્રમણ કરવું એ આપણો પુરુષાર્થ છે.

જેને મોક્ષે જવું હોયને તો આલોચના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનની ગાડીમાં બેસી જ જવાનું હડહડાટ. નિરંતર ચોવીસેય કલાક એ જ કર્યા કરવાનું. બીજું કંઈ કરવાનું નહીં.

## આર્તધ્યાન-રૌદ્રધ્યાન ત્યાં પ્રતિક્રમણ

હવે રાત્રે સાત-આઠ જણ આવ્યા અને ચંદુભાઈ છે કે, એમ કરીને બૂમો પાડે, રાતે સાડા અગિયાર વાગ્યા છે ને, તો તમે શું કહો ? તમારા ગામથી આવ્યા હોય ને, તો એમાં એક-બે ઓળખાણવાળા હોય અને બીજા બધા એના ઓળખાણવાળા હોય અને દસ-બાર માણસનું આમ ટોળું હોય અને બૂમ પાડે, તો સાડા અગિયાર વાગે શું કહો એ લોકોને ? બારણું ઉઘાડો કે ના ઉઘાડો ?

**પ્રશ્નકર્તા :** હા, ઉઘાડીએ.

**દાદાશ્રી :** અને પછી શું કહો, એ લોકોને ? પાછા જાવ એમ કહો ?

**પ્રશ્નકર્તા :** ના. ના. પાછા જાવ, એમ કેમ કહેવાય ?

**દાદાશ્રી :** ત્યારે શું કહો ?

**પ્રશ્નકર્તા :** અંદર બોલાવીએ આપણે. 'આવો અંદર.'

**દાદાશ્રી :** 'આવો, પધારો, પધારો.' આપણા સંસ્કાર છે ને ? એટલે 'આવો પધારો' કહીએ, બધાને સોફાસેટ ઉપર બેસાડીએ. સોફા ઉપર છોકરું સૂઈ ગયું હોય તો ઝટ ઝટ ઊઠાડી દઈએ (ને ઓઢવાનું) બાજુમાં ફેંકી દઈએ. સોફા ઉપર બેસાડીએ. પણ મનમાં એમ થાય કે 'અત્યારે ક્યાંથી મૂઆ આવ્યા આ ?'

હવે આ આર્તધ્યાન નથી, રૌદ્રધ્યાન છે. સામા માણસની ઉપર આપણે આ ભાવ બગાડીએ, આર્તધ્યાન

તો પોતે પોતાની જ પીડા ભોગવવી. આ તો પારકાની ઉપાધિ પોતે કરીને પારકા ઉપર આ 'બ્લેમ' (આરોપ) કર્યો. 'અત્યારે કંઈથી મૂઆ ?'

હવે તોય પાછા આપણે શું કહીએ ? આપણા સંસ્કાર તો છોડે નહીંને ? ધીમે રહીને કહે, 'જરાક... જરાક... જરાક...' અલ્યા પણ શું ? ત્યારે કહે, થોડીક ચા... ત્યારે પેલા એવા હોયને તે કહે, 'ચંદુભાઈ, અત્યારે ચા રહેવા દોને, અત્યારે ખીચડી-કઢી કરી નાખોને, બહુ થઈ ગયું.' જો આ તારી બૈરીની ગાડી ચાલી ! રસોડામાં શું થઈ જાય ?

## ત્યાં જરૂર, ખરા પુરુષાર્થની

હવે અહીં શું કરવાનું છે ? ભગવાનની આજ્ઞા, જેને મોક્ષે જવું હોય તેણે શું કરવું જોઈએ કે અત્યારે કંઈથી મૂઆ એવો ભાવ આવી જ જાય માણસને. અત્યારે તો આ દુષમકાળનું દબાણ એવું છે, વાતાવરણ એવું છે, એટલે એને આવી જાય. મોટો માણસ હોય તેનેય આવી જાય. સંયમીનેય આવી જાય પણ સંયમી ત્યાં આગળ ફેરફાર કરે કે આ રહેવાના જ છે. હવે આને શા હારુ તું મહીં આ ચીતરે છે ? બહાર સારું કરું છું અને અંદર ઊંધું ચીતરે છે. એટલે આ ગયા અવતારનું ફળ ભોગવીએ છીએ. આપણે આ સારી રીતે બોલાવીએ, કહીએ છીએ અને નવું આવતા અવતારનું બાંધીએ છીએ આપણે અંદરના હિસાબે. 'અત્યારે કંઈથી મૂઆ' એટલે અત્યારના અવળું બાંધીએ છીએ.

એટલે ત્યાં આગળ આપણે ભગવાન પાસે માફી માંગી લઈને કહેવું કે હે ભગવાન, મારી ભૂલ થઈ ગઈ. આ વાતાવરણના દબાણને લઈને બોલી ગયો પણ આવી મારી ઈચ્છા નથી. એ ભલે રહે. તેનું તમે ભૂંસી નાખોને, એટલે તમારો પુરુષાર્થ કહેવાય.

આવું થાય તો ખરું જ, એ તો મોટામાં મોટા સંયમીઓને થાય. એવો વિચિત્ર કાળ છે આ. પણ તમે જો ભૂંસી નાખો તો તમને એવું ફળ મળશે.

અને સ્ત્રીઓ પણ અંદર ભૂંસી નાખે કે બળ્યું ! હવે આજે આ માથા પર હશે તો એ ખાધા વગર રહેવાના નથી, તો પછી આ આવું શા હારુ કરું ? એના કરતાં કહીએ, આવો, નિરાંતે જમો.

એટલે આપણે આમ ઉપાય કરવો પડે. ઉપાય ના કરીએ અને માથે જે પડ્યા છે તો ચાર દહાડા એ ખસે જ નહીં.

## બધું કર્મના ઉદયથી જ

એ જે આવ્યા છે એ કર્મના ઉદયથી આવ્યા છે. આપણા કર્મનો ને એના કર્મનો ઉદય ! હવે કર્મના ઉદય જ્યાં સુધી પૂરા ના થાય, ત્યાં સુધી જવાના નથી.

એટલે આપણે મનમાં એમ માનવું કે કર્મના ઉદય છે, ત્યાં સુધી ભલે રહો. મારા ને એમના કર્મના ઉદય પૂરા થશે તો એની મેળે જ જશે. એમ કહીએ એટલે એવા આર્તધ્યાન ને રૌદ્રધ્યાન ન કરવા. હવે ભલે રહે.

હવે જે વખતે જતા હોયને, જ્યારે ચાર દહાડા પછી જતા હોયને, તો આપણે કહીએ, ના, આજ તો તમારે રહેવું જ પડશે. તોય એ તમારો હાથ છોડીને તરત ચાલી જશે. કારણ કે કર્મના ઉદય છે. એ રહેશે જ નહીં. એની પોતાની મરજીથી નથી રહેતો, કર્મ રાખે છે.

એટલે કર્મના આધીન છે માટે તમારે શું કરવું કે આ તમારા આવતા ભવનું ચિતરામણ બગાડશો નહીં. ભાવકર્મથી આવતો ભવ બંધાય છે. માટે આટલું સાચવશો તો બહુ થઈ ગયું.

આર્તધ્યાન ને રૌદ્રધ્યાન સાચવોને તો આવતો ભવ તો સારો આવે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એ જ વખતે પ્રતિક્રમણ ને પસ્તાવો કરે તો ? મહાત્માએ પ્રતિક્રમણ કર્યું, એટલે ભાવ ફેરવ્યો, તો પણ બીજા નવા ભાવ તો રહ્યા જ ને ? ખરાબ ભાવમાંથી સારા ભાવ કર્યા એટલે ભાવકર્મ પાછું એને તો રહેવાનું જ ને ? જ્યાં સુધી કેવળજ્ઞાન ના થાય ત્યાં સુધી ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણ કરવાથી ખરાબમાંથી સારા ભાવ આવે નહીં. પ્રતિક્રમણ તો પેલું ધુએ છે. ભઈ, આ અતિક્રમણ કર્યું માટે હું પ્રતિક્રમણ કરું છું અને ફરીથી એવું નહીં કરું.

પ્રતિક્રમણ જો રોકડું આવું થઈ ગયું જેનું, સર્વસ્વ રીતે તો, એ ત્યાંથી જ એ ભગવાન પદ જ ગણાય. જેને રૌદ્રધ્યાન ને આર્તધ્યાન વધારે થતું નથી. જેને ખાતે ચોપડે લખાતું નથી. થાય તોય વાંધો નથી પણ પ્રતિક્રમણ કરશે ને, તે ચોપડે નહીં લખાય. એટલે સુધી 'પદ' આપણે આપેલું છે. 'ભગવાન પદ' તમારા હાથમાં આપેલું છે. હવે તમને જેવું વાપરતા આવડે એવું વાપરજો. અમે તો આપી છૂટીએ.

આપણે હવે કામ કાઢી લો ! પ્રતિક્રમણ કર્યા કરજો. એ એનો ઉપાય અને એ જ એનો ઈલાજ ! તમારે કશું લેવાદેવા નહીં. એટલે મહાત્માઓને આર્તધ્યાન થાય જ નહીં. આત્માને આર્તધ્યાન-રૌદ્રધ્યાન થાય જ નહીં. આપણા મહાત્માઓને આર્તધ્યાન-રૌદ્રધ્યાન થાય જ નહીં. કારણ કે એ શુદ્ધાત્મા છે, નામરૂપ નથી પોતે.

### અવળા-સવળા વિચારોના પ્રતિક્રમણ

અત્યારે કોઈ જગ્યાએ દર્શન કરવા માટે ગયા ને ત્યાં લાગે કે આપણે ધાર્યા હતા જ્ઞાની અને નીકળ્યા છે ડોળી ! હવે આપણે ત્યાં ગયા એ તો પ્રારબ્ધના ખેલ છે ને ત્યાં મનમાં જે ભાવ એના માટે ખરાબ આવ્યા કે અરેરે ! આવા નાલાયકને ત્યાં ક્યાં આવ્યો ? એ નેગેટિવ પુરુષાર્થ આપણો મહીં થયો, એનું ફળ આપણે ભોગવવું પડે. એને નાલાયક કહ્યાનું ફળ આપણે ભોગવવું પડે, પાપ ભોગવવું પડશે. અને વિચાર આવવો એ સ્વાભાવિક છે, પણ તરત જ મહીં શું કરવું જોઈએ પછી ? કે 'અરેરે ! મારે શા માટે આવો ગુનો કરવો જોઈએ ?' એવું તરત જ, સવળા વિચાર કરીને આપણે લૂછી નાખવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** માફી માંગી લેવી જોઈએ ?

**દાદાશ્રી :** હા, મનમાં માફી માંગી લેવી જોઈએ, પ્રતિક્રમણ કરવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** મન-વચન-કાયાથી જાણતા કે અજાણતા જે કંઈ ભૂલચૂક થઈ હોય, તેની માફી માંગું છું.

**દાદાશ્રી :** હા, 'મહાવીર' ભગવાનને સંભારીને કે ગમે તેને સંભારીને, 'દાદા'ને સંભારીને, પ્રતિક્રમણ કરી લેવું જોઈએ કે અરેરે ! એ ગમે તેવો હોય, મારા હાથે કેમ અવળું થયું ? સારાને સારું કહેવામાં દોષ નથી, પણ સારાને ખોટું કહેવામાં દોષ છે અને ખોટાને ખોટું કહેવામાંય દોષ બહુ છે, જબરજસ્ત દોષ ! કારણ કે ખોટો એ પોતે નથી, એના પ્રારબ્ધે એને ખોટો બનાવ્યો છે. પ્રારબ્ધ એટલે શું ? એના સંજોગોએ એને ખોટો બનાવ્યો, એમાં એનો શો ગુનો ?

એટલે આટલું ટૂંકું મહીં સમજી જાય ને, આ પ્રારબ્ધ ને પુરુષાર્થ, એવું બધું સમજી જાય ને, તો એનું ગાડું સીધું પડી જાય. આ ભાવ ના બગડવા દે કોઈ જગ્યાએ. જ્યાં ભાવ બગડે ને તરત ભાવ સુધારે ત્યાં તો વાંધો જ નથી.

અહીં સ્ત્રીઓ બધી જતી હોય, તેમાં કો'ક આપણને કહે કે 'આ પેલી જોને વેશ્યા, અહીં આવી છે, ક્યાં પેઠી છે ?' એવું તે કહે, એટલે એને લીધે આપણેય વેશ્યા કહી, એ ભયંકર ગુનો આપણને લાગે. એ કહે છે કે 'સંજોગોથી મારી આવી સ્થિતિ થઈ છે, તેમાં તમે શું કરવા ગુનો કરો છો ? હું તો મારું ફળ ભોગવું છું, પણ તમે ગુનો કરો છો પાછો ?' વેશ્યા તે એની મેળે થઈ છે ? સંજોગોએ બનાવી છે. કોઈ જીવમાત્રને ખરાબ થવાની ઈચ્છા જ ના થાય. સંજોગો જ કરાવડાવે બધું અને પછી એની પ્રેક્ટિસ પડી જાય છે. શરૂઆત એને સંજોગો કરાવડાવે છે.

કોઈના માટે સહેજ પણ અવળો કે સવળો વિચાર આવે કે તરત તેને ધોઈ નાખવો. એ વિચાર

જો, થોડીક જ વાર જો રહેને તો એ સામાને પહોંચી જાય અને પછી ઊગે. ચાર કલાકે, બાર કલાકે કે બે દહાડેય એને ઊગે. માટે સ્પંદનનું વહેણ એ બાજુ ના જતું રહેવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** એના માટે આપણે શું કરવું ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણ કરી ભૂંસી નાખવું, તરત જ. પ્રતિક્રમણ ના થાય તો 'દાદા'ને યાદ કરીને કે તમારા ઈષ્ટદેવને યાદ કરીને ટૂંકામાં કહી દેવું કે 'આ વિચાર આવે છે તે બરોબર નથી, તે મારા નથી.'

## અભિપ્રાયથી અટક્યું, અનંત સમાધિ સુખ

પહેલા જે 'કોઝિઝ' હતા, તેની અત્યારે 'ઈફેક્ટ' આવે છે. પણ એ 'ઈફેક્ટ' પર 'સારું છે, ખોટું છે' એ અભિપ્રાય આપે છે, એનાથી રાગ-દ્વેષ થાય છે. ક્રિયાથી 'કોઝિઝ' નથી બંધાતા, પણ અભિપ્રાયથી 'કોઝિઝ' બંધાય છે.

અભિપ્રાય બદલવા શું કરવું પડે ? ચોર હોય તો મનમાં તેને 'શાહુકાર, શાહુકાર' કહીએ. 'આ સારા માણસ છે, શુદ્ધાત્મા છે, આપણો જ ખોટો અભિપ્રાય બેઠો છે.' એવું મહીં ફેરવીએ.

તમે ઓપિનિયન (અભિપ્રાય) આપો છો હવે ?

**પ્રશ્નકર્તા :** ના, બિલકુલ નહીં હવે.

**દાદાશ્રી :** તો બસ, નિવેડો આવી ગયો.

સામા પરનો અભિપ્રાય આપણો તૂટ્યો કે આપણે એની જોડે ખુશી થઈને વાત કરીએ એટલે પછી એય ખુશ થાય. બાકી એને અભિપ્રાય સહિત જુઓ, એના દોષ જુઓ તો આપણા મનની છાયા એના મન પર પડે. પછી એ આવે તોય આપણને ગમે નહીં, એ ફોટો તરત જ એની મહીં પડે.

અભિપ્રાયને લીધે જેમ છે તેમ જોઈ શકાતું નથી, મુક્ત આનંદ અનુભવાતો નથી કારણ કે અભિપ્રાયનું આવરણ છે. અભિપ્રાય જ ના રહે ત્યારે નિર્દોષ થવાય. સ્વરૂપજ્ઞાન પછી અભિપ્રાય છે ત્યાં સુધી તમે મુક્ત કહેવાઓ, પણ મહામુક્ત ના કહેવાઓ. અભિપ્રાયને લીધે જ અનંત સમાધિ અટકી છે.

## એના સામટાં પ્રતિક્રમણ

**પ્રશ્નકર્તા :** સામાન્ય રીતે એક કલાકની અંદર પાંચ-પચીસ અતિક્રમણ થઈ જાય તો ?

**દાદાશ્રી :** એ ભેગાં કરીને (પ્રતિક્રમણ) કરવા. સામટાં થાય. એ સામટાં પ્રતિક્રમણ કરું છું, કહીએ.

**પ્રશ્નકર્તા :** તો કેવી રીતે કરવું ? શું કહેવું ?

**દાદાશ્રી :** આ બધા બહુ થયા એટલે આ બધાના સામટા પ્રતિક્રમણ કરું છું. વિષય બોલવા કે આ વિષય પર સામટા પ્રતિક્રમણ કરું છું. એટલે ઉકેલ આવી ગયો અને છતાં બાકી રહ્યું તો એ ધોઈ નાખીશું. પછી આગળ ધોવાશે. પણ એની પર બેસી ના રહેવું. બેસી રહીએ તો બધું આખુંય રહી જાય. ગૂંચવાડામાં પડવાની જરૂર નથી. માણસનો દોષ થવો સ્વભાવિક છે. એનાથી વિમુક્ત થવાનો રસ્તો કયો ? એકલા 'જ્ઞાની પુરુષ' જ એ દેખાડે, 'પ્રતિક્રમણ'.

પ્રતિક્રમણ એ તો મોટામાં મોટું હથિયાર છે. એટલે પ્રતિક્રમણનો ધર્મ જો પકડી લીધો તો તારે માથે ગુરુ નહીં હોય તોય ચાલશે. એટલે દાદા પાસે આટલું શીખ્યા તો બહુ થઈ ગયું. આમાં બધું આવી ગયું. જ્યાં કંઈ ભૂલ થાય ત્યાં દાદાની પાસે માફી માંગી લેવી. એટલા ગુનામાંથી મુક્ત થઈ ગયા. આ કંઈ છે અઘરું ? દાદા, કંઈ અપવાસ કરવાનું કહે છે કે કેમ ભૂલ કરી ? માટે અપવાસ કરજો એવું કહે તો તો લોક જાણે કે દાદાએ અમને ભૂખે મારી નાખ્યા, પણ દાદા એવું ભૂખે નથી મારતાને ? કોઈ ગાળ ભાંડે અને અસર થાય તો પોતાની જાતની જ ભૂલ છે એવું પોતાને લાગ્યા કરે અને પોતે પ્રતિક્રમણ કર્યા કરે તો એ ભગવાનનું મોટામાં મોટું જ્ઞાન છે ! આ જ મોક્ષે લઈ જાય ! આટલો શબ્દ, અમારું એક જ વાક્ય જો પાળે ને તો મોક્ષે જતો રહે ! બીજું બધું શું કરવાનું ?

## આમાં પ્રેક્ટિસની જરૂર

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ કરવાનું બહુ મોડું યાદ આવે કે આ માણસનું પ્રતિક્રમણ કરવાનું હતું.

**દાદાશ્રી :** પણ યાદ આવે ખરુંને ? સત્સંગમાં વધારે બેસવાની જરૂર છે. બધું પૂછી લેવું પડે. ઝીણવટથી વિજ્ઞાન છે, એ બધું પૂછી લેવાની જરૂર.

તમારી ઈચ્છા ખરીને પ્રતિક્રમણ કરવાની છતાંય નથી થતું ?

**પ્રશ્નકર્તા :** હા, ઈચ્છા તો ખરી જ ને !

**દાદાશ્રી :** હા. અરે ! પ્રેક્ટિસ પડી નથી. તે એ પ્રેક્ટિસ પહેલી પાડવી પડે. પહેલા બે-ત્રણ-ચાર દા'ડા પ્રેક્ટિસ આપણે પાડવી પડે. આપણને ડૉક્ટરે કહ્યું હોય કે આજે જમણા હાથે જમશો નહીં તોય જમતી વખતે જમણો હાથ મહીં પેસી જાય.

**પ્રશ્નકર્તા :** સતત તમારો ખ્યાલ હોય તો પ્રયત્ન નથી કરવો પડતો, સહજાસહજ થઈ જાય છે.

**દાદાશ્રી :** હા, આ બધું સહજાસહજ થઈ જાય એવું છે. આમાં કશું કરવું નથી પડતું. એટલે તમને હું કરી આપીશ.

**પ્રશ્નકર્તા :** હજુ પ્રતિક્રમણ કરું છુંને, આનંદ થાય છે, ગમે છે. પણ જોઈએ એવા દોષો દેખાવા જોઈએને ? એ થતું નથી.

**દાદાશ્રી :** એ હવે દેખાશે, હજુ વાર લાગશે. એ તો પાતળું થશે ત્યારે દેખાશે. હજુ તો જાડું ચાલે છે બધું. પણ આ પ્રતિક્રમણ કરવાથી પાતળું થશે તારું.

દોષ દેખાવા સહેલી વસ્તુ નથી. પાછા એકદમ અમે તો ઉઘાડ કરી આપીએ, પણ એની દૃષ્ટિ હોય કે મારે જોવા છે તો દેખાયા કરે. એટલે પોતે જમવાની થાળીમાં હાથ તો ઊંચો કરવો પડેને ? એમને એમ કંઈ જમવાનું મારા મોઢામાં જાઓ, એમ કંઈ ચાલે ? પ્રયત્ન તો હોવા જ જોઈએ ને ?

## કષાયના નિમિત્ત બન્યાના પ્રતિક્રમણ

કષાય નથી કરવા અને પ્રતિક્રમણ કરવા એ બે જ ધર્મ છે. કષાય નથી કરવા એ ધર્મ છે અને પૂર્વકર્મના અનુસાર થઈ જાય તેના પ્રતિક્રમણ કરવા એ જ ધર્મ છે. બાકી બીજી કોઈ ધર્મ જેવી વસ્તુ નથી. અને આ બે આઈટમ (વસ્તુઓ) જ આ બધા લોકોએ કાઢી નાખી છે !

હવે તમે એમને અવળું કહ્યું તો તમારે પ્રતિક્રમણ કરવું પડે. પણ એમણે પણ તમારું પ્રતિક્રમણ કરવું પડે. એમણે શું પ્રતિક્રમણ કરવું પડે કે 'મેં ક્યારે ભૂલ કરી હશે કે આમને મને ગાળ દેવાનો પ્રસંગ ઉત્પન્ન થયો ?' એટલે એમણે એમની ભૂલનું પ્રતિક્રમણ કરવું પડે. એમણે એમના પૂર્વ અવતારનું પ્રતિક્રમણ કરવું પડે ને તમારે તમારા આ અવતારનું પ્રતિક્રમણ કરવું પડે ! આવા પ્રતિક્રમણો દિવસના પાંચસો-પાંચસો કરે તો મોક્ષે જાય !

હવે આવું ધર્મધ્યાન અને આવાં પ્રતિક્રમણ તો બીજે ક્યાંયે અત્યારે તો રહ્યા નથીને ! પછી હવે શું થાય ? નહીં તોયે રડી રડીને ભોગવવું પડે છે જ ને ? તો એના કરતા હસીને ભોગવે તો શું ખોટું છે ?

જો આટલું જ કરોને તો બીજો કોઈ ધર્મ ખોળો નહીં તોય વાંધો નથી. આટલું પાળો તો બસ છે અને હું તને ગેરન્ટી આપું છું, તારા માથે હાથ મૂકી આપું છું. જા, મોક્ષને માટે, ઠેઠ સુધી હું તને સહકાર આપીશ ! તારી તૈયારી જોઈએ. એક જ શબ્દ પાળે તો બહુ થઈ ગયું !

## પોતાની ભૂલોની માંગી લે માફી

કોઈને આપણાથી કિંચિત્‌માત્ર દુઃખ થાય તો જાણવું કે આપણી ભૂલ છે. આપણી મહીં પરિણામ ઊંચા-નીચા થાય એટલે ભૂલ આપણી છે એમ સમજાય. સામી વ્યક્તિ ભોગવે છે એટલે એની ભૂલ તો પ્રત્યક્ષ છે પણ નિમિત્ત આપણે બન્યા, આપણે એને ટૈડકાવ્યો માટે આપણીયે ભૂલ. દાદાને કેમ ભોગવટો નથી આવતો ?

કારણ કે એમની એકેય ભૂલ રહી નથી. આપણી ભૂલથી સામાને કંઈ પણ અસર થાય, જો કંઈ ઉધાર થાય તો તરત જ મનથી માફી માંગી જમા કરી લેવું. આપણી ભૂલ થઈ હોય તો ઉધાર થાય પણ તરત જ કેશ - રોકડું પ્રતિક્રમણ કરી નાખવું. અને જો કોઈના થકી આપણી ભૂલ થાય તોય આપણે આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કરી લેવું. મન-વચન-કાયાથી, પ્રત્યક્ષ દાદા ભગવાનની સાક્ષીએ ક્ષમા માંગ માંગ કરવાની.

ડગલે ને પગલે જાગૃતિ રહેવી જોઈએ. આપણામાં ક્રોધ-માન-માયા-લોભના કષાયો છે. તે ભૂલો કરાવે જ અને ઉધારી ઊભી કરે. પણ તેની સામે આપણે તરત જ, તત્ક્ષણ માફી માંગીને જમા કરીને ચોખ્ખું કરી લેવું. આ વેપાર પેન્ડિંગ (બાકી) ના રખાય. આ તો દરઅસલ રોકડિયો વ્યાપાર કહેવાય.

## માફી માંગીને ગૂંચોનો લાવો ઉકેલ

સામાની ભૂલ હોય તોય આપણે માફી માંગી લેવી.

**પ્રશ્નકર્તા :** બધાની વચમાં, દાદાની સાક્ષીએ, દરેક પોતાની ભૂલોની માફી માંગી લે તો ?

**દાદાશ્રી :** એ તો એક જાણે કે બિગિનિંગ (શરૂઆત) કહેવાય. તેથી કંઈ ધોવાઈ જતું નથી. પ્રતિક્રમણ તમારે એવું કરવું જોઈએ કે સામો બોલતો આવે.

જ્યારે જ્યારે ગૂંચ પડવાની થાય ત્યારે ત્યારે દાદા અવશ્ય યાદ આવી જ જાય અને ગૂંચો પડે નહીં. 'અમે તો શું કહીએ કે આ ગૂંચો પાડીશ નહીં અને ક્યારેક ગૂંચ પડી જાય તો પ્રતિક્રમણ કરજે. આ તો ગૂંચ શબ્દની તરત જ સમજણ પડે. આ લોકો 'સત્ય બોલો, દયા રાખો, ચોરી નહીં કરો' એ સાંભળી સાંભળીને તો થાકી ગયા છે.

મહીં ગૂંચ પડી હોય તો તે ગૂંચ રાખીને સૂઈ ના જવું જોઈએ. ગૂંચનો ઉકેલ લાવવો જોઈએ. છેવટે કશો ઉકેલ ના જડે તો ભગવાન પાસે માફી માંગ માંગ કરીએ, કે આની જોડે ગૂંચ પડી ગઈ છે તે બદલની માફી માંગ માંગ કરું છું, તોય ઉકેલ આવે. માફી જ મોટામાં મોટું શાસ્ત્ર છે. બાકી દોષો તો, નિરંતર દોષો જ થયા કરે છે.

## પણ પ્રતિક્રમણ કરે તે છૂટે

દોષ તો થયા વગર રહે જ નહીંને ! નર્યા દોષ જ થયા કરવાના. એ દોષ તમને દેખાયા કરે. દોષ દેખાયા એટલે આ દોષનું પ્રતિક્રમણ કરવાનું, પશ્ચાત્તાપ કરવાનો અને ફરી એવું નહીં કરું, એવું પ્રત્યાખ્યાન કરવાનું. એ 'શૂટ ઑન સાઈટ' કહેવાય. દોષ થયો કે તરત એને ધોઈ નાખો. એવું તમારે તરત ધોવાની ઈચ્છા છે કે બાર મહિને ? 'શૂટ ઑન સાઈટ' હોવું જોઈએ. દોષ ઉત્પન્ન થતાની સાથે જ પ્રતિક્રમણ કરવામાં આવે તો નિવેડો આવે.

## ત્યારે સાચા પ્રતિક્રમણ

**પ્રશ્નકર્તા :** મારે હવે કોઈની સાથે ના ટકરાવાય. બધે સાચવી લઉં પણ આમની સાથે છ-આઠ મહિને, જોકે હવે બહુ ઓછું થઈ ગયું છે, પણ એમની સાથે આંતરિક તપ ના થાય, કહેવાઈ જ જાય.

**દાદાશ્રી :** તે વાંધો નહીં. એ તો તારે નિકાલ કર્યે જ છૂટકોને ! એમણે નિકાલ કરવો, પછી તમારે નિકાલ કરવો. ત્યાં જ ટકરામણ થઈ એટલે ભૂલ તો એક જણની નહીં કહેવાય, બે જણની જ ભૂલ હોય. કોઈકની ચાળીસ ટકાવાળી, કોઈની સાઠ ટકાવાળી. કોઈકની ત્રીસ ટકાવાળી, પછી સિત્તેર ટકા, એંસી ટકા હોય એ બેની કંઈક હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** અને પછી સમાધાન તો આવી જાય, બે-પાંચ મિનિટમાં.

**દાદાશ્રી :** એ આવી જાય.

**પ્રશ્નકર્તા :** પણ ત્યારે પેલું પરાક્રમ જો વપરાઈ જાય અને સંજોગ સાચવી લઈએ તો આનંદ થાય. પણ હજુ એ સચવાય નહીં.

**દાદાશ્રી :** પણ એટલે એ ધીમે ધીમે જાગૃતિ એવી રાખીને કરવાનું. તમે જેમ મારી જોડે રહોને, તેમ તેમ એ ફેરફાર થતો જાય. મારો એક જ શબ્દ તમોને કાનમાં પડેને, તો એ શબ્દ જ કામ કર્યા કરે.

**પ્રશ્નકર્તા :** પેલી કહેવત છે ને, અણીને ચૂક્યો સો વર્ષ જીવે. એવી રીતે અમારા કષાયો ઉત્પન્ન થાય. એના પર જો કાબુ આવી જાય તો કેટલું બધું જીતી જઈએ.

**દાદાશ્રી :** એવું છે ને, કાબુ એટલે શું કહેવાય ? આપણે ધારીએ ત્યારે કરી શકીએ. આપણું જ્ઞાન આપણને જડ્યું તો આ મૂઆ કંટ્રોલમાં જ હોય, જ્ઞાન જ કામ કરે.

જ્યારે ઘરના માણસો નિર્દોષ દેખાય ત્યારે સમજવું કે તમારું પ્રતિક્રમણ સાચું છે. ખરેખર નિર્દોષ જ છે, જગત આખુંય નિર્દોષ જ છે. તમારા દોષો કરીને તમે બંધાયેલાં છો, એમના દોષથી નહીં, તમારા પોતાના દોષથી જ બંધાયેલા છો. હવે એવું જ્યારે સમજાશે ત્યારે કંઈક ઉકેલ આવશે !

## દોષ સ્વીકાર્યે, દોષ જાય

**પ્રશ્નકર્તા :** અત્યારે ભૂલો થાય છે એ ગયા અવતારની ખરીને ?

**દાદાશ્રી :** ગયા અવતારના પાપને લઈને જ આ ભૂલો છે. પણ આ અવતારમાં ફરી ભૂલ ભાંગે જ નહીં ને વધારતો જાય. ભૂલને ભાંગવા માટે ભૂલને ભૂલ કહેવી પડે. તેનું ઉપરાણું ના લેવાય. 'આ' 'જ્ઞાની પુરુષો'ની કૂંચી કહેવાય. તેનાથી ગમે તેવા તાળા ઉઘડી જાય.

એટલે પોતાની ભૂલ ભાંગશે ત્યારે કામ થશે. કાં તો જ્ઞાની પુરુષ તમને તારે તો થઈ જાય. જ્ઞાની પુરુષ તારી શકે. તમે એમ કહો કે મને બચાવો, તો બચાવે. એમને એમ નથી કે મારે કશી ફી લેવાની. કારણ કે અમૂલ્ય ચીજની ફી કેટલી આપે ? ને આ મૂળોને મૂલ્યવાન કહેવાય ? મૂળો તો દસ પૈસાનો. જો મૂલ્યવાન છે ને ! અને આ તો અમૂલ્ય ચીજ કહેવાય. એટલે આનું મૂલ્ય-બૂલ્ય ના હોય. અમૂલ્ય ! અમૂલ્ય !! એટલે આમ કિંમત ના હોય !

કોઈનીય ભૂલ છેવટે ના દેખાય. પહેલા દેખાય પછી પ્રતિક્રમણ કરે. પછી કોઈનીય ભૂલ ના દેખાય, એવું જો આખી રાત રહે અને ચોપડા બીડાઈ ગયા, તો કામ થઈ ગયું. તમારે પછી તે દિવસનો આવતા ભવનો ભો રહ્યો નહીં, બીજે દિવસે એવી રીતે વર્તવું જોઈએ. અને એવું સર્વ સમાધાની જ્ઞાન છે આ તો. આમાં કશું બાકી રહે નહીં ! દોષ થાય ને એના પ્રતિક્રમણ કરે તો એ બધું ચોખ્ખું કરી નાખે. પ્રતિક્રમણ એટલે લીધેલું પાછું આપી દેવું. પ્રતિક્રમણ કર્યું એટલે ચોપડા ચોખ્ખા ! એટલે તમે દોષનો સ્વીકાર કર્યોને. સ્વીકાર કર્યો એટલે યુ આર નોટ રિસ્પોન્સિબલ. (તમે જવાબદાર નથી.) આ તો વિજ્ઞાન કહેવાય.

## અભિપ્રાયથી જુદો થયો એ જ પ્રતિક્રમણ

**પ્રશ્નકર્તા :** સમજણમાં તો બધું બહુ છે, પણ એ પ્રમાણે નથી થતું એનું શું ?

**દાદાશ્રી :** એ ના થાય એનો વાંધો નથી. સમજણની જ જરૂર છે. સમજણ એટલે અભિપ્રાય જુદો થયો ત્યાંથી એ છૂટ્યો એનાથી. કોઈ પણ ખરાબ કાર્ય ચંદુભાઈ કરતા હોય અને એ કહે કે મારે આ કામ નથી જોઈતું, કરવું નથી અને ત્યાંથી અભિપ્રાય જુદો થયો. ને એ અભિપ્રાય કાયમ રહે તો એ છૂટો જ પડે. અભિપ્રાયથી જ મુક્ત કરવાનું છે, વસ્તુથી મુક્ત કરવાનું નથી. વસ્તુ તો એની મેળે મુક્ત થાય ત્યારે ખરું. પણ એને નિરાધાર બનાવી દેવાનું છે. એટલે અભિપ્રાયથી મુક્ત થવાનું છે. એથી આપણે પ્રતિક્રમણ મૂક્યુંને ! પ્રતિક્રમણ એટલે અભિપ્રાયથી મુક્ત થઈ ગયો. એનું સચોટ પ્રતિક્રમણ કરે, એટલે અભિપ્રાયથી મુક્ત થયો અને હવે પસ્તાવોય કરું છું.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણ તો, અભિપ્રાય ઊભા થાય છે એના જ કર કર કરવા પડે છે ને હવે ?

**દાદાશ્રી :** એ અભિપ્રાય ઊભો થયો એ પહેલાના હિસાબથી થયો છે. હવે પ્રતિક્રમણ કરીએ તો ફરી અમે (આપણે) અભિપ્રાય બાંધતા નથી. એવું આમાં, આ વાતમાં અમે સહમત નથી, તે વખતે છૂટ્યો. પહેલાનો બંધાયેલો અભિપ્રાય આ વખતે છૂટ્યો. અને એવું સમજાય એટલે કશું ડખલ રહે નહીં. તમારે ભૂલનું પ્રોટેક્શન (રક્ષણ) થતું હોય તે સુધારી લેવાનું. હા, બીજું કશું છે નહીં. ભૂલ થઈ, કોઈકને નુકસાન થાય એવું થયું તો પ્રતિક્રમણ કરી લીધું એટલે થઈ ગયું, નિવેડો આવ્યો.

આપણો માર્ગ જ બધો બહુ ઊંચો છે ને ! પ્રતિક્રમણનો માર્ગ જ આખો ઊંચો છે. અડધો કલાક ઊંધું ચાલતું હોય ને જો જાગૃત થયો તો બે મિનિટમાં જ હડહડાટ બધું ફ્રેકચર કરી નાખે. આ 'અક્રમ વિજ્ઞાન' જ ઊંચી જાતનું છે.

## નિવેડો લાવો જ્ઞાને કરી

**પ્રશ્નકર્તા :** જ્ઞાન લીધા પછી કર્મો બંધાય ખરા કે ?

**દાદાશ્રી :** વાંકું બોલે તો બંધાય નહીં પણ છૂટેય નહીં. કર્મ છૂટે ક્યારે ? કે એ જ્ઞાનપૂર્વક હોય, એટલે સમજણપૂર્વક, જ્ઞાનપૂર્વક એનો નિવેડો થાય, અજ્ઞાને કરીને બાંધેલા તે જ્ઞાને કરીને એનો નિવેડો કરી લાવીએ ત્યારે છૂટીએ. અત્યારે ના ગમે તોય એનો જ્ઞાને કરીને નિવેડો લાવવો પડે. 'હું શુદ્ધાત્મા છું' થઈને એ બધું જોયા કરીએ, એ રીતે બધો નિવેડો લાવવો પડે.

**પ્રશ્નકર્તા :** આપનું જ્ઞાન મળ્યા પહેલા નર્કનું બંધ પડી ગયા હોય તો નર્કે જવું પડેને ?

**દાદાશ્રી :** એવું છે કે આ જ્ઞાન જ એવું છે કે પાપો બધા ભસ્મીભૂત થઈ જાય છે, બંધ ઊડી જાય છે. નર્કે જનારા હોય પણ તે પ્રતિક્રમણ કરે, જીવતા હોય ત્યાં સુધીમાં, તો તેનું ધોવાઈ જાય. પોસ્ટમાં કાગળ નાખ્યા પહેલા તમે લખો કે ઉપરનું વાક્ય લખતાં મનનું ઠેકાણું ન હતું તો તે ઊડી જાય.

**પ્રશ્નકર્તા :** પ્રાયશ્ચિતથી બંધ છૂટી જાય ?

**દાદાશ્રી :** હા, છૂટી જાય. અમુક જ પ્રકારના બંધ છે તે કર્મો પ્રાયશ્ચિત કરવાથી ઘોડાગાંઠમાંથી ઢીલાં થઈ જાય. આપણા પ્રતિક્રમણમાં બહુ શક્તિ છે. દાદાને હાજર રાખીને કરો તો કામ થઈ જાય.

## મહાવ્રત ભંગ ત્યાં જરૂર, પ્રતિક્રમણની

આ ચેતન વાણી છે. તે ચેતન વાણી જ કામ કરશે ! શુદ્ધતાપૂર્વક બેસીને પ્રતિક્રમણ શરૂ કરી દો ! પાંચ મહાવ્રત છે. તે મહાવ્રત ક્યાં ક્યાં ભંગ થયો હોય એનું જ કરવાનું છે, બીજું કશું કરવાનું નથી ! બાકી હર્યા હોય, ફર્યા હોય, પાન ખાધું હોય, એનું નથી કરવાનું, મનુષ્યને મનુષ્યના સામસામી દોષ થયા હોય તેના પ્રતિક્રમણ કરવાના છે. એટલે મિશ્રચેતન જોડેના જેને દોષ થયા હોય તે દોષ માટે પ્રતિક્રમણ કરવાનું આપું છું. એટલે તમે મિશ્રચેતન જોડે જે જે દોષ થયા હોય તેના પ્રતિક્રમણ કરજો ! આ 'દાદા'ની આજ્ઞા થઈ છે તે પાળજો ! આમ તો રોજ પ્રતિક્રમણ કર્યા કરીએ છીએ. કોઈ મિશ્રચેતન પ્રત્યે વિષયનો વિચાર આવ્યો હોય, કંઈ દોષ કર્યા હોય, તે બધાને નાનપણથી અત્યાર સુધીનું યાદ કરી કરીને પ્રતિક્રમણ કરવાનું. આ પ્રતિક્રમણ આજ્ઞાપૂર્વકનું છે તે બધું ધોવાઈ જશે ! માણસનો શું આચાર ના થાય ! પણ આજ્ઞા પાળી એટલે ચોખ્ખું થઈ જાય.

## હવે છૂટવાનું, અટકણથી

હવે બિલકુલ 'ક્લીઅરન્સ' (ચોખ્ખું) મહીં થઈ જવું જોઈએ. આ 'અક્રમ જ્ઞાન' મળ્યું ને પોતાને નિરંતર સુખમાં રહેવું હોય તો રહી શકાય, એવું આપણી પાસે 'જ્ઞાન' છે. માટે હવે કેમ કરીને અટકણ છૂટે, કેમ કરીને એનાથી આપણે છૂટા થઈ જઈએ, એ ઉકેલ લાવવો જોઈએ. તે માટે આલોચના, પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન કરીને પણ ઉકેલ લાવી નાખવાનો.

અહીં આ સ્ત્રીઓને, પુરુષોને દરેકને પ્રતિક્રમણનું સાધન આપ્યું છે. દૃષ્ટિ બગડી કે તરત પ્રતિક્રમણ

કરવું, પછી જોખમદારી મારી. કારણ કે તમે પ્રતિક્રમણ કર્યું, મારી આજ્ઞા પાળી એટલે જોખમદારી બધી મારી. પછી આપને શું જોઈએ ? જોખમદારી દાદા લેતા હોય, પછી શો વાંધો છે ?

એટલે અમે તમને કહીએ કે બીજા પાંચ ઈન્દ્રિયોના વિષયના નહીં, પણ સ્ત્રીઓને ને પુરુષોને એક જ કહીએ કે જ્યાં આગળ સ્ત્રીવિષય કે પુરુષવિષય સંબંધી વિચાર આવ્યો કે તરત જ ત્યાં ને ત્યાં તમારે પ્રતિક્રમણ કરી નાખવા. 'ઑન ધ સ્પોટ' તો કરી જ નાખવું. પણ પછી પાછા એના સો-બસો પ્રતિક્રમણો કરી નાખવા.

વખતે હોટલમાં નાસ્તો કરવા ગયા હો ને તેનું પ્રતિક્રમણ નહીં કર્યું હોય તો ચાલશે. હું તેનું પ્રતિક્રમણ કરાવી લઈશ પણ આ વિષય સંબંધી રોગ ના ઘૂસી જાય. આ તો ભારે રોગ છે. આ રોગ કાઢવાનું ઔષધ શું ? ત્યારે કહે કે દરેક માણસને જ્યાં અટકણ હોય, ત્યાં આગળ આ રોગ હોય. અમુક પુરુષને, અમુક સ્ત્રી જતી હોય તો એને એ જુએ ને તરત એને મહીં વાતાવરણ ફેરફાર થઈ જાય. હવે આ બધા આમ છે તો તડબૂચા જ, પણ એણે તો વિગતવાર એનું રૂપ ખોળી કાઢેલું હોય છે ! આ ચીભડાંના ઢગલા ઉપર એને કંઈ રાગ થાય છે ? પણ મનુષ્યો છે એટલે એને રૂપ ઉપર પહેલેથી આદત છે. 'આ આંખ કેવી સરસ છે ! આવડી આવડી આંખ છે !' આમ કહે છે. અલ્યા, આવડી આવડી સરસ આંખ તો પેલા ભેંસના ભાઈનેય હોય છે ! કેમ ત્યાં રાગ નથી થતો તને ?' ત્યારે કહે કે, 'એ તો પાડો છે ને આ તો મનુષ્ય છે. ' અલ્યા, આ તો ફસામણની જગ્યાઓ છે !

## થાય છૂટકારો, સાચી આલોચનાથી

માણસે સાચી આલોચના કરી નથી. તે જ મોક્ષે જતાં રોકે છે. ગુનાનો (ગુનો થઈ જાય એનો) વાંધો નથી. સાચી આલોચના થાય તો કશો વાંધો નથી. અને આલોચના ગજબના પુરુષ પાસે કરાય. પોતાના દોષોની કોઈ જગ્યાએ આલોચના કરી છે જિંદગીમાં ? કોની પાસે આલોચના કરે ? અને આલોચના કર્યા વગર છૂટકો નથી. જ્યાં સુધી આલોચના ના કરો તો આને માફ કોણ કરાવે ? જ્ઞાની પુરુષ ચાહે સો કરી શકે. કારણ એ કર્તા નથી માટે. જો કર્તા હોત તો એમનેય કર્મ બંધાય. પણ કર્તા નથી માટે ચાહે સો કરે.

આપણે આલોચના ગુરુ પાસે કરવી જોઈએ. પણ છેલ્લા ગુરુ આ 'દાદા ભગવાન' કહેવાય. અમે તો તમને રસ્તો બતાવી દીધો. હવે છેલ્લા ગુરુ બતાવી દીધા. એ તમને જવાબ આપ્યા કરશે અને તેથી તો એ 'દાદા ભગવાન' છે. તે જ્યાં સુધી એ પ્રત્યક્ષ ના થાય, ત્યાં સુધી 'આ' દાદા ભગવાનને ભજવા પડે. એ પ્રત્યક્ષ થાય પછી એની મેળે આવતું આવતું પાછું એ મશીન ચાલુ થઈ જાય. એટલે પછી એ પોતે 'દાદા ભગવાન' થઈ જાય.

પોતાની ખાનગી કોઈ એક વાત કહેવી હોય તો શાથી લોકો વાત નથી કરતા ? પછી પેલો દબડાવ દબડાવ જ કરે. લગામમાં આવી ગયુંને ! દબડાવે કે ના દબડાવે ? અને આપણે આ દબડાવવા હારુ નથી કરતા. આપણે એને છૂટો કરવા માંગીએ છીએ કે હું તારા દરેક ગુના તને માફ કરી આપું. આ 'દાદા ભગવાન' પ્રગટ થયા છે !!! જગતમાં મોટામાં મોટું વાક્ય જ આટલું છે. ખરું સમજવાનું જ આ છે કે આ અમારી પાસે આલોચના કરે ને કર્મ ભસ્મીભૂત થઈ જાય.

## આખી જિંદગીના દોષો ધોવાય પ્રતિક્રમણથી

આપણે અહીં પ્રતિક્રમણ કરાવવા માટે બેસાડીએ છીએ તે પછી શું થાય છે ? મહીં બે કલાક પ્રતિક્રમણ કરાવડાવે છે ને, કે નાનપણમાંથી તે અત્યાર સુધી બધા જે જે દોષ થયા હોય, બધા યાદ કરી કરીને પ્રતિક્રમણ કરી નાખો, સામાના શુદ્ધાત્માને જોઈને એવું કહે. હવે નાની ઉંમરથી જ્યાંથી સમજણ શક્તિની શરૂઆત થાય, ત્યારથી જ પ્રતિક્રમણ કરવા માંડે, તે અત્યાર સુધીનું પ્રતિક્રમણ કરે. આવું પ્રતિક્રમણ કરે એના બધા દોષોનો મોટો મોટો ભાગ આવી જાય. પછી ફરી પાછો પ્રતિક્રમણ કરે. ત્યાર ફરી નાના નાના દોષ પણ આવી જાય. પાછું ફરી પ્રતિક્રમણ કરે

તો એથીય નાના દોષો આવી જાય, આમ એ દોષોનો બધો આખો ભાગ જ ખલાસ કરી નાખે.

બે કલાકના પ્રતિક્રમણમાં આખી જિંદગીના પાછળના ચોંટેલા દોષોને ધોઈ નાખવા. અને ફરી ક્યારેય એવા દોષો નહીં કરું એમ નક્કી કરવું એટલે કે પ્રત્યાખ્યાન થઈ ગયું.

આ તમે પ્રતિક્રમણ કરવા બેસો ને, તે અમૃતના ટપકાં પડ્યા કરે એક બાજુ અને હલકા થયેલા લાગે.

આખી જિંદગીનાં પ્રતિક્રમણ તમે કરો છો, ત્યારે તમે નથી મોક્ષમાં કે નથી સંસારમાં. આમ તો તમે પાછલાનું બધું વિવરણ કરો છો પ્રતિક્રમણ વખતે. મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બધાના ફોન-બોન બંધ હોય, અંતઃકરણ બંધ હોય. તે વખતે માત્ર પ્રજ્ઞા એકલી જ કામ કરતી હોય છે. આત્માય આમાં કશું કરતો નથી.

## દોષો દેખાય, પ્રજ્ઞાશક્તિથી

ભૂતકાળના દોષો બધા વર્તમાનમાં દેખાય એ જ્ઞાનપ્રકાશ છે, એ મેમરી (સ્મૃતિ) નથી.

**પ્રશ્નકર્તા :** પ્રતિક્રમણથી આત્મા ઉપર ઈફેક્ટ (અસર) થાય ખરી ?

**દાદાશ્રી :** આત્મા ઉપર તો કશી ઈફેક્ટ અડે જ નહીં. ઈફેક્ટ થાય તો સંજ્ઞી કહેવાય. આ તો આત્મા છે એ હંડ્રેડ પરસેન્ટ ડિસાઈડેડ (સો ટકા નક્કી) છે. જ્યાં મેમરી ના પહોંચે ત્યાં આત્માના પ્રભાવથી થાય છે. આત્મા અનંત શક્તિવાળો છે, એ એની પ્રજ્ઞાશક્તિ પાતાળ ફોડીને દેખાડે છે. આ પ્રતિક્રમણથી તો પોતાને હલકા થયેલા ખબર પડે, કે હવે હલકો થઈ ગયો અને વેર તૂટી જાય, નિયમથી જ તૂટી જાય. અને પ્રતિક્રમણ કરવા માટે પેલો સામો ભેગો ના થાય તેનો વાંધો નથી. આમાં રૂબરૂની સહીઓની જરૂર નથી. જેમ આ કોર્ટમાં રૂબરૂની સહીઓની જરૂર છે એવી જરૂર (આમાં) નથી. કારણ કે આ ગુના રૂબરૂથી થયેલા નથી. આ તો લોકોની ગેરહાજરીમાં ગુના થયેલા છે. આમ લોકોની રૂબરૂમાં થયા છે પણ રૂબરૂની સહીઓ નથી કરેલી. સહીઓ અંદરની છે, રાગ-દ્વેષની સહીઓ છે.

કોઈ દહાડો એકાંતમાં બેઠા હોઈએ અને કંઈક પ્રતિક્રમણનું કે એવું બધું કરતા કરતા કરતા થોડો આત્માનો અનુભવ જામી જાય મહીં, એ સ્વાદ આવી જાય, તે અનુભવ કહેવાય.

## સહાધ્યાયીઓના પ્રતિક્રમણ

આ પ્રતિક્રમણ કરવાથી બહુ શક્તિઓ ખીલે, પણ અમારી આજ્ઞાથી કરે તો. જ્ઞાની પુરુષની આજ્ઞાથી આ પ્રતિક્રમણ થાય, તે અનંત અવતારના પાપો બાળી નાખે. આ પ્રતિક્રમણ તે કેવું પ્રતિક્રમણ ? વેર બધા છૂટી જાય. કારણ કે સહાધ્યાયી જોડે જ વધારે વેર બંધાયેલા હોય. વર્લ્ડમાં બીજા બધા જોડે વેર હોય નહીં કોઈ દહાડોય અને સહાધ્યાયી તો આખો દહાડો યાદ રહ્યા કરે.

**પ્રશ્નકર્તા :** સત્યુગમાં પણ સહાધ્યાયી જોડે વેર બંધાય ?

**દાદાશ્રી :** ના, ત્યારે વેર ના બંધાય. એ સમજણ જ ઊંચી હતી બધાની. અને એ બધો ચીકણો પ્રેમ !

**પ્રશ્નકર્તા :** સહાધ્યાયી જોડે વેર બાંધવાનું કારણ શું ?

**દાદાશ્રી :** અણસમજણથી. સત્યુગમાં આવું તેવું ના હોય. ચોર એ ચોર, જે લુચ્ચા એ લુચ્ચા અને શાહુકાર એ શાહુકાર. ચોર વગર તો આ દુનિયા રહી જ નથી કોઈ દહાડોય. પણ સત્યુગમાં તેમની વસ્તી થોડી હોય.

જે આપણી જોડે હોય, પહેલાય હતા અને આજેય છે, એ આપણા ધર્મબંધુ કહેવાય અને પોતાના ધર્મબંધુઓની જોડે જ ભવોભવના વેર બંધાયેલા હોય

છે. તે એમની જોડે કંઈ વેર બંધાયેલું હોય તો, એટલા માટે આપણે પ્રતિક્રમણ સામસામા કરી લો તો હિસાબ બધો ચોખ્ખો થઈ જાય. એકુંય માણસને સામસામી પ્રતિક્રમણ કરવાનું ચૂકશો નહીં. સહાધ્યાયી જોડે જ વધારે વેર બંધાય અને તેમના પ્રત્યક્ષ પ્રતિક્રમણ કરે તો ધોવાઈ જાય.

### ક્રમણથી પ્રકૃતિ થઈ, ફેલાણી અતિક્રમણથી

**પ્રશ્નકર્તા :** આ પ્રતિક્રમણ બધી રીતે મુખ્ય છે ને આમ તો ? કારણ કે જો સમજણ પડે કે ના પડે, ભૂલ દેખાતી હોય કે ના દેખાતી હોય, કંઈ આવડતું હોય કે ના આવડતું હોય, બધામાં પ્રતિક્રમણથી ઉકેલ એની મેળે આવતો જાયને ?

**દાદાશ્રી :** અતિક્રમણથી આ બધું ઊભું થયું છે, અને અહીંથી પોતાના દેશમાં (મોક્ષે) જવું હોય, તો પ્રતિક્રમણ કરો. સહેલી વાત કે ? સહેલું છે કે અઘરું ?

**પ્રશ્નકર્તા :** બહુ સહેલું છે.

**દાદાશ્રી :** અતિક્રમણથી ઊભું થયું છે આ અને પ્રતિક્રમણથી બંધ થઈ જશે.

**પ્રશ્નકર્તા :** પ્રકૃતિ આખી અતિક્રમણથી ઊભી થઈ છે ને ?

**દાદાશ્રી :** પ્રકૃતિ ક્રમણથી ઊભી થઈ છે, પણ અતિક્રમણથી ફેલાય છે, ડાળા-બાળા બધુંય.

**પ્રશ્નકર્તા :** અતિક્રમણથી આખી પ્રકૃતિ ફેલાય છે.

**દાદાશ્રી :** અને પેલું પ્રતિક્રમણથી બધું ફેલાયેલું ઓછું થઈ જાય, એટલે એને ભાન આવે.

પ્રતિક્રમણથી સામાની પરિણતિ ફરે છે, એવું લોકોને અનુભવમાં આવ્યું. એટલે પછી છોડે નહીંને ! 'ધીસ ઈઝ ધ કેશ (રોકડ) બેંક.' પ્રતિક્રમણ એ તો 'કેશ બેંક' કહેવાય, તરત ફળ આપનારું.

### આજ્ઞા ચૂકાય ત્યાં કરવું પ્રતિક્રમણ

આપણે ત્યાં કશું પૂછવા જેવું રાખ્યું જ નથી. આજ્ઞા જ પાળવાની છે, પૂછવું હોય તો કો'ક ફેરો પૂછવું. પણ બહુ ચૂંથાચૂંથ ના કરવી. નહીં તો ખસી જશે મહીં. બુદ્ધિ ના ચાલે, ચઢી જાય પછી, એ બધા બુદ્ધિના ચાળા છે આ !

આ જ્ઞાન એવું છે કે કશો શબ્દ જ પૂછવો ના પડે. એક શબ્દેય પૂછવો પડે એવું નથી આ જ્ઞાન ?

અમારી આજ્ઞામાં રહેશો તો કામ નીકળી જશેને. એને ચોળી ચોળીને બહુ ચીકણું કરેને તે શું થાય ? આજ્ઞામાં રહેવાતું ના હોય તો પ્રતિક્રમણ કરવું પડે. ઘેરથી નક્કી કરીને નીકળવું કે આજ્ઞામાં જ રહેવું છે. પછી ના રહેવાય તો તરત પ્રતિક્રમણ કરે. એમ કરતા કરતા છ મહિને, બાર મહિને પણ રાગે પડી જાય, પછી કાયમને માટે રાગે પડી જાય.

### સમત્વમાં આવવું એ સામાયિક

હવે સમભાવે નિકાલ કરવાની તમે આજ્ઞા પાળો, એનું નામ જ સામાયિક. સમભાવે રહેવું એનું નામ જ સામાયિક અને વિષમભાવે રહેવું એનું નામ જ સંસાર.

છોકરો એની માને ગાળો ભાંડતો હોય આવડી આવડી. તે ઘડીએ બાપ સહન ન કરી શકે. પણ સામાયિકમાં બેઠો છે એટલે મનમાં એમ ખાતરી રહે કે અત્યારે સામાયિકમાં બેઠો છું, એટલે મારે વિષમતા નથી કરવી. આ એવી સામાયિક કરતો હોય તો કામ જ થઈ જાયને. આપણા મહાત્માઓને રહે છે, સામાયિક જેવી સમતા રહે છે. એમાં બે મત નહીં !

સામાયિકનો ખરો અર્થ એ છે કે વિષમભાવ ન થવા દે, કોઈપણ કારણસર ! સમ ન રહે પણ વિષમ ન થવા દો, એનું નામ સામાયિક. ત્યાં આગળ છોકરો એની માને ગાળો ભાંડતો હોય, આ પોતે સાંભળે છતાં વિષમભાવ થાય નહીં. પેલો ઉછાળો તો રહે પણ એને સમ કરી નાખે, જેમ આ તોલતી વખતે

જરાક પેલામાં એ થયું તો પાછા આમાં નાખો, પાછું આ ઊંચું ગયું તો આમ નાખ્યું પણ રાગે પાડી દે. દેડકાની પાંચ શેરી જેવું ના હોય.

## પ્રતિક્રમણ-સામાયિકમાં શું ફેર ?

**પ્રશ્નકર્તા :** આપણા પ્રતિક્રમણ અને સામાયિકમાં શું કનેકશન (સાંધો) છે ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણ તો અતિક્રમણ થયું હોય તેનું. તમારો વ્યવહાર એ ક્રમણ છે ને વધારે બોલાયું તે અતિક્રમણ છે. તે તમારે ચંદુભાઈને કહેવું કે અતિક્રમણ કેમ કર્યું ? માટે પ્રતિક્રમણ કર. અતિક્રમણ થાય તેની પર પ્રતિક્રમણ કરવું.

મેં તમને જે આ જ્ઞાનવિધિ કરાવીને એક કલાક, એ સામાયિક કહેવાય. અધ્યાત્મ સંબંધમાં એક જ ધ્યાનમાં રહેવું એનું નામ સામાયિક. એ સામાયિક મનુષ્યથી પૂરેપૂરું સરસ થઈ શકે નહીં. એને માટે જ્ઞાની પુરુષ પાપ ધોઈ આપે અને પાપ ના ધોવાય ત્યાં સુધી કશું વળે નહીં.

સાચું આત્માનું સામાયિક કરો તો વળે. 'આત્મા' થઈને એક ફેરો 'આત્મા' બોલ્યો એટલે કલ્યાણ થઈ ગયું. આત્મા થઈને બોલવાનું. તમને એમ થઈ જાય કે હું 'આત્મા' થઈ ગયો, ત્યાર પછી તમારે બોલવાનું. એક જ મિનિટ જો 'આત્મા' થઈ જાવ તો પછી બહુ થઈ રહ્યું.

સામાયિક એટલે 'હું શુદ્ધાત્મા છું'નું ભાન તે સામાયિક. પાંચ આજ્ઞામાં નિરંતર સામાયિક રહે. સમભાવે નિકાલ કરવો એ પહેલું સામાયિક. અને સહજદશામાં, સ્વભાવિક રહેવું તે અમારા જેવું સામાયિક. તે તમનેય થોડું-ઘણું રહે.

## સામાયિકની મહત્તા શું ?

**પ્રશ્નકર્તા :** આપણા અક્રમ માર્ગમાં સામાયિકની મહત્તા શું ?

**દાદાશ્રી :** આપણને આખો દહાડો સામાયિક જ હોય છે, સામાયિકથી વધારે હોય છે. 'હું શુદ્ધાત્મા છું' એનું લક્ષ, એનું નામ સામાયિક. તે પાછું સાચું સામાયિક. આ સામાયિક આખો દિવસ રહે.

'હું શુદ્ધાત્મા છું' જેને એક કલાક રહ્યું એ જ સામાયિક. સમભાવે નિકાલ કરવું એ સામાયિક, રિલેટિવ અને રિયલ જોયું એય સામાયિક. આપણા પાંચ વાક્યો (આજ્ઞા) એ સામાયિક સ્વરૂપ જ છે !

**પ્રશ્નકર્તા :** ક્રમિક માર્ગમાં તો પુણિયા શ્રાવકનું સામાયિક ઊંચામાં ઊંચું કહેવાય છે?

**દાદાશ્રી :** હા, એ તો આ આપણું જ સામાયિક ! આ તમે સવારમાં નીકળો અને આ આંખે ગાય દેખાય અને પેલી અંદરની આંખે શુદ્ધાત્મા દેખાય, એ જ સામાયિક પુણિયા શ્રાવકનું હતું. તેથી હું તમને કહું છું ને, પુણિયા શ્રાવકનું સામાયિક તમને આપ્યું છે, પ્યૉર (શુદ્ધ) સામાયિક. હવે તમને ભોગવતાં આવડ્યું તો ભોગવો. તે એવું સામાયિક આ કાળમાં થાય એવું છે. લાભ ના થાય તો ભૂલ છે ને !

રિલેટિવ ને રિયલ-બે જોતા જોતા જોતા એક કલાક સુધી એનો ઉપયોગ રાખે બરાબર, એને ભગવાને શુદ્ધ ઉપયોગ કહ્યો. એ શુદ્ધ ઉપયોગ જો એક ગુંઠાણું રહેને તો પુણિયા શ્રાવકનું સામાયિક થાય એવું છે. તો તમે લાભ ઉઠાવજો. કરી શકે તો તો અવશ્ય લાભ ઉઠાવો.

મહીં મન ગમે તે સળી કરે તોય કહીએ કે તમે હમણે બેસો, એક કલાક પછી આવો, જે કંઈ આવવું હોય તે આવો. મહીં પાછા આવનાર હોયને, બૂમો પાડનાર હોય, એમને કહીએ, ચૂપ, હમણે એક કલાક બંધ છે. અમારું સામાયિક ચાલે છે. હમણે આવશો નહીં. અંદર હોમ ડિપાર્ટમેન્ટમાં કોઈને પેસવાનો અધિકાર નથી. ફોરેનમાં રહો. અમે કલાક પછી બહાર નીકળીએ ત્યારે પછી. એટલે બંધ થઈ જાય, એની મેળે. આપણે ઓર્ડર કરીએ એ પ્રમાણે વર્તે. કારણ કે એ બધી વસ્તુઓ નિર્જીવ છે પણ સચેતન થયેલી છે, સચેતન ભાવને પામેલી છે.

એટલે આ પુણિયા શ્રાવકની સામાયિક કલાક કરજો, બધું ખંખેરીને જતું રહેશે !

## આત્મ સામાયિક

આ સામાયિક તો આત્મ સામાયિક કહેવાય. અને વ્યવહાર સામાયિક એટલે શું ? મનનું સામાયિક, મનને સ્થિર કરવાનું સામાયિક, આ બહાર જે સામાયિક કરે છે તે મનને સ્થિર કરવાનું સામાયિક. તેય પૂરું મન સ્થિર થાય તો ઉત્તમ અને અહીં આ તો મનની વાત જ નહીંને ! આ તો આત્મ સામાયિક. પુણિયા શ્રાવકના સામાયિક આ બધા !

આ વર્લ્ડની અજાયબી કહેવાય ! એક કલાક પુણિયા શ્રાવકનું સામાયિક શ્રેણિક રાજાનું રાજ દલાલીમાં જાય, તે આ એક કલાકની કિંમત કેટલી ! આ દાદાએ શું આપ્યું છે એ સમજાઈ ગયુંને તમને ?

## અજાયબી, જ્ઞાની પુરુષની

અને અત્યારે મારી હાજરીમાં (સંસારનું) બધું ભૂલી ગયા છો કે નથી ભૂલી ગયા ? એ સામાયિક કહેવાય. અહીં સંસારની વાત છે નહીં, બિલકુલેય. અહીં આત્મા ને પરમાત્માની બે જ વાત છે. તે બધું ભૂલી ગયાને, તે આ મોટામાં મોટું સામાયિક. બીજું કશું ના આવડે તોય અહીં આવીને બેસી રહેજો ને થોડીવાર, કલાકેય બેસીને, હેંડતા થાવને, જુઓ નર્યા પાપો ધોવાઈ જશે. ભસ્મીભૂત થઈ જશે પાપો બધા. આ સામાયિકમાં પાપો ભસ્મીભૂત થઈ જાય. જ્ઞાની પુરુષની અજાયબી કહેવાય.

માટે જો હજુ સંસાર ભોગવવાની, ભૌતિક સુખોની ઈચ્છા જ થયા કરતી હોય અને પાંચ-છ હજાર અવતાર ભોગવવા હોય, તો દાદાને ભેગો ના થઈશ અને ભેગો થયો તો જ્ઞાન ના લઈશ. નહીં તો પછી તું નક્કી કરીશ કે મારે હવે (અહીં જ્ઞાનમાંથી) છૂટવું છે તોય નહીં છૂટાય, મોક્ષે જવું જ પડશે. એવો કોઈ મૂર્ખ હોય નહીં પણ વખતે, હું તો પહેલેથી કહી દઉં, કે ભાઈ, ચેતતો રહેજે. પછી તું કહું કે, હવે મને આમાંથી છોડો, આ પંદર ભવમાંથી, એ નહીં છૂટાય. કારણ કે જ્ઞાનીનો સિક્કો છે. કોઈથી ભૂંસી ના શકાય, છેકો ના મારી શકાય.

જ્ઞાની એટલે લાઈસન્સદાર માણસ કહેવાય. આખા વર્લ્ડનું લાઈસન્સ હોય એમની પાસે, જ્યાં દેવલોકો બેસે છે, દેવલોકો સાંભળવા આવે એવું આ વિજ્ઞાન છે. આ પરમહંસની સભા કહેવાય. જ્યાં આત્મા ને પરમાત્મા સિવાય બીજી વાત નથી, સંસારસંબંધી વાત નથી, પણ ધર્મધ્યાન સાથેનું છે. આપણું અક્રમ છે ને !!

## હવે બસ, કામ કાઢી લો

આ તો સહેલો માર્ગ છે. તરત જ કૂંચીઓથી તાળા ખૂલી જાય ! કોઈ કાળમાં આવો સંયોગ નહીં ભેગો થાય, આ તો અક્રમ માર્ગ છે ! એક્સેપ્શનલ (અપવાદ) કેસ છે ! અને અગિયારમું આશ્ચર્ય છે !! ત્યાં કામ કાઢી લેજો. આવા પ્રતિક્રમણથી લાઈફ પણ સુંદર જાય અને મોક્ષે જવાય !

માટે કામ કાઢી લેવા જેવું છે અત્યારે. તેથી અમે કહીએ છીએ ને, કે કામ કાઢી લો, કામ કાઢી લો, કામ કાઢી લો ! એ કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે આવું કોઈ કાળે આવતું નથી અને આવ્યું છે તો માથું મેલીને કામ કાઢી લો !!

**- જય સચ્ચિદાનંદ**

---

**દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના**

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA41250 # અને જો આ મહિનાના કવરના લેબલ પર ગ્રાહક નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની દાદાવાણી છેલ્લી દાદાવાણી રહેશે. દા.ત. DGIA41250 # #. દાદાવાણી રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) પેજ નં. ૧ પર આપેલ છે.

## દાદાઈ જગકલ્યાણ મીશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૯ થી ૨૨ જૂન :** કેનેડામાં ટોરન્ટોમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૧૫૦ મુમુક્ષુઓ આત્મજ્ઞાન મેળવ્યું હતું. જ્ઞાનવિધિ સમયે અચાનક આવેલા થન્ડરસ્ટ્રોમ (ગાજવીજ સાથેના વાવાઝોડું)ને કારણે ઘણાં મુમુક્ષુઓ પહોંચી નહોતા શક્યા. સ્થાનિક મહાત્માઓ માટે વિશેષ સત્સંગનું આયોજન થયું હતું, જેમાં અત્યાર સુધી ક્યારેય તક ન મળી હોય એવાં મહાત્માઓએ પ્રશ્નો પૂછ્યા હતા તથા પોતાના અનુભવો કહ્યા હતા. પૂજ્યશ્રીનું આટલું નજીકનું સાંનિધ્ય મળતાં મહાત્માઓ આનંદવિભોર થઈ ગયા હતા. આપ્તપુત્ર દ્વારા નવા જ્ઞાન લીધેલાઓ માટે ફોલોઅપ સત્સંગ થયો હતો.

**૨૩ થી ૨૫ જૂન :** પ્રથમ વખત અમેરિકાના મિનીઆપોલિસ શહેરમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૬૫ નવા મુમુક્ષુઓ આત્મજ્ઞાન મેળવ્યું હતું. જ્ઞાનવિધિ પછીના દિવસે આપ્તપુત્ર દ્વારા નવા જ્ઞાન લીધેલાઓ માટે સત્સંગ થયો હતો.

૨૩ થી ૨૬ જૂન દરમ્યાન રાજકોટ ત્રિમંદિરે બ્રહ્મચર્યમાં રસ ધરાવતા અપરીણિત ભાઈઓ માટે બે દિવસની શિબિર તથા બે દિવસની યાત્રાનું આયોજન થયું હતું. જેમાં ૩૨૫ યુવાનોએ ભાગ લીધો હતો. શિબિર દરમ્યાન વિડિયો સત્સંગ, આપ્તપુત્રો દ્વારા ગ્રુપ ડિસ્કશન, સામાયિક, પ્રેઝન્ટેશન, પ્રાર્થના-આરતી જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

**૨૯ જૂન થી ૪ જુલાઈ :** અમેરિકાના ટેક્સાસ રાજ્યના ડલ્લાસ શહેરમાં છ દિવસનો પૂજ્યશ્રીના સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ યોજાયો. ૨૨૦૦ જેટલાં મહાત્માઓએ આ મહોત્સવમાં ભાગ લઈ ભરપૂર આનંદ માણ્યો અને જ્ઞાનજાગૃતિમાં અભિવૃદ્ધિ કરી. આ વખતે સેવા-પરોપકાર, વ્યવસ્થિતનો ઉપયોગ - સત્સંગમાં ને વ્યવહારમાં, મહાત્મા-મહાત્મા વચ્ચે પ્રેમ-અભેદતા, બ્રહ્મચર્ય વિગેરે ટોપિક પર સત્સંગ થયા હતા. ૩૨૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. હિન્દીમાં ભાષાંતરિત 'ગુરુ-શિષ્ય' તથા બાળકો માટે 'વેર ડઝ ગોડ લીવ' પુસ્તકોનું વિમોચન થયું હતું. સર્વે મહાત્માઓ વારાફરતી દાદાજીનું પૂજન કર્યું હતું અને દર્શન કર્યા હતા. આવતા વર્ષે જેક્સનવિલમાં ગુરુપૂર્ણિમાના આયોજનની જાહેરાત થઈ હતી.

**૩ જુલાઈ**ના રોજ ગુજરાતના ૪૦ જેટલાં તથા ભારતના અન્ય રાજ્યોના ૧૫ જેટલાં સત્સંગ સેન્ટરોમાં પરમ પૂજ્ય દાદા ભગવાનની ગુરુપૂર્ણિમા અતિ ઉલ્લાસભેર ઉજવાઈ હતી. જેમાં મહાત્માઓએ સૂક્ષ્મ સ્વરૂપે પૂર્ણ રૂપે હાજર દાદા ભગવાન પાસે મોક્ષમાર્ગમાં ખૂટતી શક્તિઓ માંગી હતી તથા પ્રાર્થના-વિધિઓ, આરતી, કીર્તન ભક્તિ, પદગુંજન, ગરબા, સત્સંગ વગેરેનો લાભ લીધો હતો. આ દિવ્ય પ્રસંગે દરેક સેન્ટરમાં પરમ પૂજ્ય દાદા ભગવાનની ગુરુપૂર્ણિમા નિમિત્તે વિશેષ રૂપે તૈયાર થયેલી વિડિયો સીડી, પૂજ્ય દીપકભાઈના ગુરુપૂર્ણિમા સંદેશ સાથે બતાવવામાં આવી હતી.

**૫-૬ જુલાઈ :** ગુરુપૂર્ણિમા દરમ્યાન સેવામાં જોડાયેલ ૨૫૦ સેવાર્થીઓ માટે બે દિવસની સ્પેશ્યલ રિટ્રિટ ઓકલાહોમા સ્ટેટના બ્રોકન બો ખાતે યોજાઈ. જેમાં પૂજ્યશ્રીએ મહાત્માઓની અક્રમ બોટ ચલાવી હતી, જાણે સહુને મહાવિદેહ ક્ષેત્રે ના લઈ જતા હોય ! મહાત્માઓએ બોટીંગ, ગરબા, ભક્તિ, સત્સંગ દ્વારા પૂજ્યશ્રી સાથે અનુપમ આનંદ માણ્યો હતો.

**૭ થી ૯ જુલાઈ :** અમેરિકાના ફિનિક્સ શહેરમાં સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૧૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું. આપ્તપુત્ર દ્વારા જ્ઞાનવિધિ પહેલાં અને પછી નવા મહાત્માઓ માટે સત્સંગ થયો હતો.

૭-૮ જુલાઈના અડાલજ ત્રિમંદિર ખાતે પરિણીત ભાઈઓ માટે બે દિવસીય શિબિર યોજાઈ હતી, જેમાં ૧૨૦૦ મહાત્માઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિર દરમ્યાન આપ્તપુત્રો દ્વારા બે સેશન દરમ્યાન બધાં મહાત્માઓ માટે તથા બે સેશન દરમ્યાન અલગ-અલગ ગ્રુપમાં સત્સંગ થયા હતા. રાત્રિ સેશન દરમ્યાન સંગબળ પર વિડિયો પ્રેઝન્ટેશન બતાવવામાં આવ્યું હતું. શિબિરના અંતે મહાત્માઓ પોતાના સુંદર અનુભવો કહ્યા હતા.

૮ જુલાઈના રોજ પૂજ્ય નીરુમાના ૪૫મા જ્ઞાનદિવસે અડાલજ ત્રિમંદિર સંકુલમાં સવારે પ્રભાતફેરી બાદ સત્સંગ હોલમાં સામૂહિક પ્રાર્થના-વિધિઓ, આરતી થઈ હતી. ત્યારબાદ પૂજ્ય નીરુમાની સ્પેશ્યલ વિડિયો ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. રાત્રે પૂજ્ય નીરુમાની સમાધિ પર કીર્તન ભક્તિ તથા પૂજ્ય નીરુમા રચિત પદોની ભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો.

**૧૦ થી ૧૨ જુલાઈ :** અમેરિકાના વેસ્ટ કોસ્ટના ૧૭૫ મહાત્માઓ માટે દુનિયાના સાત કુદરતી આશ્ચર્યોમાંના એક એવા ગ્રાન્ડ કેન્યોન ખાતે બે દિવસની સ્પેશ્યલ રિટ્રિટ યોજાઈ. પૂજ્યશ્રી સાથે મહાત્માઓએ ઈન્ફોર્મલ સત્સંગ તથા ફોટો સેશનમાં ભાગ લઈ આનંદ માણ્યો.

**૧૪-૧૫ જુલાઈ :** અમેરિકાના લોસ એન્જલસમાં સત્સંગ-જ્ઞાનવિધિ દરમ્યાન ૩૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું. એમાં ૮૦ ટકા મુમુક્ષુઓ પોતાના સગાસંબંધીઓ કે મિત્રોના કહેવાથી આવ્યા હતા. દાદાશ્રી કહેતા કે આ ખ્યાતિનો માર્ગ છે, પ્રખ્યાતિનો નહીં. લાગે છે એ વાત સાર્થક થઈ રહી છે.

## આત્મજ્ઞાની પૂજ્ય નીરુમા તથા પૂજ્ય દીપકભાઈના આશીર્વાદ પ્રાપ્ત આપ્તપુત્રોના સત્સંગ કાર્યક્રમ

**ભોપાલ** **તારીખ :** ૨૩ ઓગષ્ટ **સમય :** સાંજે ૬ થી ૮ **સંપર્ક :** ૯૪૨૫૦૨૪૪૦૫
**સ્થળ :** જનક વિહાર કોમ્પલેક્ષ, માલવિયા નગર, એરટેલ ઓફિસની સામે, ભોપાલ.

**ગ્વાલિયર** **તારીખ :** ૨૪ ઓગષ્ટ **સમય :** સાંજે ૫-૩૦ થી ૮ **સંપર્ક :** ૮૮૭૧૫૫૫૨૦૮
**સ્થળ :** માનસ ભવન, ફુલ બાગ, ગ્વાલિયર.

**ગુરગાંવ** **તારીખ :** ૨૫ ઓગષ્ટ **સમય :** સાંજે ૬ થી ૮ **સંપર્ક :** ૯૮૧૦૩૦૭૬૦૨
**સ્થળ :** સિદ્ધેશ્વર સ્કૂલ, ગુરુદ્વારા રોડ, શાક માર્કેટ પાસે, ગુરગાંવ.

**દિલ્હી** **તારીખ :** ૨૬ ઓગષ્ટ **સમય :** સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ **સંપર્ક :** ૯૮૧૧૨૭૯૯૭૯
**સ્થળ :** લોરેલ હાઈસ્કૂલ, શિવા માર્કેટની સામે, અગ્રસેન ધર્મશાળાની પાસે, પીતમપુરા, દિલ્હી.

**ગાઝિયાબાદ** **તારીખ :** ૨૬ ઓગષ્ટ **સમય :** સાંજે ૫ થી ૭-૩૦ **સંપર્ક :** ૯૯૬૬૭૩૮૯૭૨
**સ્થળ :** કોણાર્ક એન્ક્લેવ, ઈ-બ્લોક સેન્ટ્રલ પાર્ક, ઈ-બ્લોક, સેક્ટર-૧૭, વસુંધરા, ગાઝિયાબાદ.

**મથુરા** **તારીખ :** ૨૬ ઓગષ્ટ **સમય :** સાંજે ૫ થી ૭ **સંપર્ક :** ૯૩૫૯૪૮૮૩૫૯
**સ્થળ :** સ્વામી વિવેકાનંદ સ્કૂલ, ૫- શાંતિ નગર, આચાર્ય નગરની સામે, વેટરનરી કોલેજ, ચુંગી, મથુરા.

**બરેલી** **તારીખ :** ૨૭ ઓગષ્ટ **સમય :** સાંજે ૬ થી ૮-૩૦ **સંપર્ક :** ૯૮૩૭૩૮૭૪૨૨
**સ્થળ :** ઉત્તર રેલ્વે મનોરંજન સદન, બરેલી જંક્શનની સામે, બરેલી.

**મેરઠ** **તારીખ :** ૨૭ ઓગષ્ટ **સમય :** સાંજે ૬ થી ૮ **સંપર્ક :** ૯૪૧૦૬૦૭૫૫૩
**સ્થળ :** પી.પી.પી. કોન્ફરન્સ હોલ, દાસ મોટરની પાસે, અબુ લેન, મેરઠ.

**સોનેપત** **તારીખ :** ૨૮ ઓગષ્ટ **સમય :** બપોરે ૨ થી ૪ **સંપર્ક :** ૯૮૧૮૨૨૯૮૭૦
**સ્થળ :** જૈન ત્યાગી ભવન, એલ.આઈ.સી. ઓફીસની સામે, સેક્ટર - ૧૫, સોનેપત.

**લખનૌ** **તારીખ :** ૨૮ ઓગષ્ટ **સમય :** રાત્રે ૭-૩૦ થી ૯-૩૦ **સંપર્ક :** ૮૦૯૦૧૭૭૮૮૧
**સ્થળ :** રાધાક્રિષ્ણા મંદિર, ચિત્રગુપ્ત નગર, આલમ બાગ, માનક નગર સ્ટેશન રોડ, લખનૌ.

**કુરુક્ષેત્ર** **તારીખ :** ૨૯ ઓગષ્ટ **સમય :** સાંજે ૪ થી ૬ **સંપર્ક :** ૯૬૭૧૮૬૮૪૫૦
**સ્થળ :** શ્રી જયરામ વિદ્યાપીઠ, બ્રહ્મા સરોવર પાસે, કુરુક્ષેત્ર.

**કાનપુર** **તારીખ :** ૨૯ ઓગષ્ટ **સમય :** સાંજે ૬ થી ૮-૩૦ **સંપર્ક :** ૯૪૫૨૫૨૫૯૮૧
**સ્થળ :** અન્નપૂર્ણા ગેસ્ટ હાઉસ, ઈ-બ્લોક, નિરંકારી ભવન ચૌરાહા, ગોવિંદ નગર, કાનપુર.

**કાનપુર** **તારીખ :** ૩૦ ઓગષ્ટ **સમય :** સાંજે ૬ થી ૮-૩૦ **સંપર્ક :** ૯૩૩૬૧૧૬૪૨૬
**સ્થળ :** શ્રી કોઠારી ગુજરાત ભવન, નયાગંજ, કાનપુર.

**લુધિયાણા** **તારીખ :** ૩૦ ઓગષ્ટ **સમય :** સાંજે ૭ થી ૯ **સંપર્ક :** ૯૮૮૮૮૨૧૦૮૮
**સ્થળ :** કમ્યૂનિટિ સેન્ટર, સાવન વિહાર, પોલીસ કોલોનીથી ભામિયા તરફ, સરકારી પ્રાઈમરી સ્કૂલની સામે.

**જલંધર** **તારીખ :** ૩૧ ઓગષ્ટ **સમય :** સાંજે ૪ થી ૬-૩૦ **સંપર્ક :** ૯૮૧૪૦૬૩૦૪૩
**સ્થળ :** શ્રી ગીતા મંદિર, મોડેલ ટાઉન, જલંધર.

**અલ્હાબાદ** **તારીખ :** ૩૧ ઓગષ્ટ **સમય :** સાંજે ૪-૩૦ થી ૭ **સંપર્ક :** ૯૭૯૫૦૬૩૬૩૭
**સ્થળ :** હિન્દુસ્તાની એકેડેમી, પ્રયાગ સંગીત સમિતિ પાસે, કમલા નહેરુ રોડ, હનુમાન મંદિર, સિવિલ લાઈન.

**ચંદીગઢ** **તારીખ :** ૧ સપ્ટેમ્બર **સમય :** સાંજે ૭ થી ૯ **સંપર્ક :** ૯૮૭૨૧૮૮૯૭૩
**સ્થળ :** કમ્યૂનિટિ સેન્ટર, સેક્ટર ૨૦-એ, સરકારી દવાખાના પાસે, ચંદીગઢ.

**વારાણસી** **તારીખ :** ૧ સપ્ટેમ્બર **સમય :** સાંજે ૫ થી ૭ **સંપર્ક :** ૯૫૫૪૯૫૮૪૩૨
**સ્થળ :** શ્રી પાર્શ્વનાથ દિગમ્બર જૈન મંદિર, બી ૨૦/૪૬, ભેલુપુરા ક્રોસીંગ પાસે, ભેલુપુરા, વારાણસી.

**હરિદ્વાર** **તારીખ :** ૨ સપ્ટેમ્બર **સમય :** સાંજે ૫ થી ૭ **સંપર્ક :** ૯૭૧૯૪૧૫૦૭૪
**સ્થળ :** ગુર્જર ધર્મશાળા, તહસીલની પાસે, જ્વાલાપુર, હરિદ્વાર.

| Pujya Deepakbhai's East Africa & Dubai 2012 Satsang Schedule | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| DATE | DAY | VENUE | PROGRAM | FROM | TO | VENUE | CONTACT |
| 24-Oct | Wed | Kenya | Aptaputra Satsang | 8.00 PM | 10.00 PM | BROOK HOUSE SCHOOL Magadi Road, Langata, Near Nairobi National Park, Nairobi, Kenya. | +254 (0)733 612 040 |
| 25-Oct | Thu | Kenya | Satsang | 8.00 PM | 10.00 PM | | +254 (0)733 872 387 |
| 26-Oct | Fri | Kenya | Brookhouse Shibir | 9.30 AM | 6.00 PM | | |
| 27-Oct | Sat | Kenya | Brookhouse Shibir | 9.30 AM | 6.00 PM | | |
| 27-Oct | Sat | Kenya | **GNAN VIDHI** | 4.00 PM | 8.00 PM | | |
| 28-Oct | Sun | Kenya | Brookhouse Shibir | 9.30 AM | 6.00 PM | | |
| 30-Oct | Tue | Kenya | Aptaputra Satsang | 7.00 PM | 9.00 PM | SSHU HALL Lakshmi Narayan Temple, Ogada Street, Kisumu, Kenya. | +254 (0)774 154 100 |
| 31-Oct | Wed | Kenya | Satsang | 7.00 PM | 9.00 PM | | |
| 1-Nov | Thu | Kenya | **GNAN VIDHI** | 5.00 PM | 9.00 PM | | |
| 2-Nov | Fri | Uganda | Aptaputra Satsang | 8.30 PM | 10.30 PM | SPEKE RESORT, Munyonyo, Kampala, Uganda. | +256 (0)712 992 272 |
| 3-Nov | Sat | Uganda | Satsang | 8.30 PM | 10.30 PM | | |
| 4-Nov | Sun | Uganda | **GNAN VIDHI** | 3.30 PM | 7.00 PM | | |
| 7-Nov | Wed | Dubai | Satsang | 7.00 PM | 10.00 PM | DHOW PALACE HOTEL, Behind Standard Chartered Bank, Kuwait Street, Bur Dubai, Dubai, UAE. | +971 (0)557 316 937 |
| 8-Nov | Thu | Dubai | **GNAN VIDHI** | 5.00 PM | 10.00 PM | | +971 (0)501 364 530 |
| 9-Nov | Fri | Dubai | Mahatma Only Shibir (UAE) | 9.30 AM | 6.00 PM | **TBA** | |
| 10-Nov | Sat | Dubai | | 9.30 AM | 6.00 PM | | |
| 11-Nov | Sun | Dubai | | 9.30 AM | 6.00 PM | | |

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
+ **'દૂરદર્શન - ડીડી-ગિરનાર' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦**
+ **'દૂરદર્શન' પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ - ગુજરાતમાં. (અન્ય રાજ્યોમાં ડીડી-ગિરનાર પર)**
+ **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ તથા સાંજે ૫ થી ૫-૩૦**
+ **'સોહમ' ચેનલ પર દરરોજ બપોરે ૧-૩૦ થી ૨, સાંજે ૬-૩૦ થી ૭ (રિપીટ) (હિન્દીમાં)**
+ **'દૂરદર્શન - સપ્તગિરિ' પર સોમ થી શુક્ર સવારે ૭-૩૦ થી ૮ (તેલુગુમાં)**

**USA** + 'TV Asia' - **સોમ થી શુક્ર સવારે ૭-૩૦ થી ૮** EST

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

**Europe** + **'વિનસ' પર દરરોજ રાત્રે ૧૦ થી ૧૧ (સ્કાય પ્લેટફોર્મ-ચેનલ-૮૦૫) (હિન્દીમાં)**

**સમગ્ર વિશ્વમાં (ભારત અને અમેરિકા સિવાય) - 'સોની' ટીવી પર સોમથી શુક્ર સવારે ૭-૩૦ થી ૮ (હિન્દીમાં)**

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
+ **'દૂરદર્શન' ડીડી-ગિરનાર પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ - 'જ્ઞાનપ્રકાશ'**
+ **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૯ થી ૯-૩૦ તથા સાંજે ૮-૩૦ થી ૯**
+ **'દૂરદર્શન' પર દર બુધ-ગુરુ-શુક્ર સવારે ૯ થી ૯-૩૦ (હિન્દીમાં) - નઈ દૃષ્ટિ, નઈ રાહ**
+ **'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૫૦ (હિન્દીમાં)**
+ 'दूरदर्शन' (सह्याद्रि) पर सोम से शनि सुबह ७-३० से ८

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય)** 'SAHARA ONE' - **સોમથી શુક્ર - સવારે ૯ થી ૯-૩૦** EST

**USA-UK** + **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૬૪૮)**

મુખ્ય સેન્ટરોના સંપર્ક : અડાલજ ત્રિમંદિર : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, અમદાવાદ: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; મુંબઈ: ૯૩૨૩૫૨૮૯૦૧; રાજકોટ ત્રિમંદિર: ૯૨૭૪૧૧૧૩૯૩; ભૂજ ત્રિમંદિર: (૦૨૮૩૨) ૨૯૦૧૨૩; ગોધરા ત્રિમંદિર: (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; વડોદરા (દાદા મંદિર) : ૦૨૬૫-૨૪૧૪૧૪૨; **USA-Canada:** +1 877-505-DADA (3232); **UK:** +44 7956 476253

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ ત્રિમંદિર

તા. **૧૦ ઓગષ્ટ** (શુક્ર), રાત્રે ૧૦ થી ૧૨ - **જન્માષ્ટમી નિમિત્તે વિશેષ ભક્તિ કાર્યક્રમ**

તા. **૧૧ ઓગષ્ટ** (શનિ), સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ**

તા. **૧૨ ઓગષ્ટ** (રવિ), બપોરે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ**

**પર્યુષણ પર્વ - આપ્તવાણી-૮** તથા **ક્લેશ વિનાનું જીવન** ગ્રંથો પર **સત્સંગ પારાયણ**

તા. **૧૨** થી **૧૯ સપ્ટેમ્બર -** સવારે ૯ થી ૧૧-૩૦, સાંજે ૪ થી ૬-૩૦, રાત્રે ૮ થી ૯ - સામાયિક

તા. **૨૦ સપ્ટેમ્બર** (ગુરુ) **-** સવારે ૯ વાગ્યાથી **દર્શનનો વિશેષ કાર્યક્રમ**

તા. **૨૨ સપ્ટેમ્બર** (શનિ), સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ**

તા. **૨૩ સપ્ટેમ્બર** (રવિ), બપોરે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ**

બહારગામથી આવનાર મહાત્મા-મુમુક્ષુઓને વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ

(૧) પારાયણમાં ભાગ લેવા પોતાના નજીકના સત્સંગ સેન્ટરમાં અને સેન્ટર ન હોય તેમણે અડાલજ રજિસ્ટ્રેશન વિભાગમાં (૦૭૯-૩૯૮૩૦૪૦૦) તા. ૨૦ ઓગષ્ટ ૨૦૧૨ સુધીમાં રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

(૨) દરેક મહાત્માએ પોતાનું દાદા ભગવાન પરિવારનું પરમેનન્ટ આઈ-કાર્ડ સાથે અવશ્ય લેતા આવવું.

(૩) મહોત્સવમાં ભાઈઓ-બહેનો માટે અલગ ઉતારાની વ્યવસ્થા હોવાથી પોતપોતાનો સામાન જુદો લાવવો.

(૪) ઓઢવા-પાથરવાની ચાદર, એર પીલો (ઓશીકું), બેટરી, જરૂરી દવાઓ વિગેરે વસ્તુઓ સાથે લેતાં આવવું.

### હૈદરાબાદ

તા. **૧૭-૧૮ ઓગષ્ટ** (શુક્ર-શનિ), સાંજે ૬-૩૦ થી ૯-**સત્સંગ** તથા **૧૯ ઓગષ્ટ** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯-**જ્ઞાનવિધિ**

**સ્થળ :** ભારતીય વિદ્યા ભવન, ૫/૯/૧૧૦૫, બશીર બાગ, કિંગ કોઠી રોડ. **સંપર્ક** : ૯૯૮૯૮૪૧૭૮૬

### બેંગ્લોર

તા. **૨૧ ઓગષ્ટ** (મંગળ), સાંજે ૬-૩૦ થી ૯-**સત્સંગ** તથા **૨૨ ઓગષ્ટ** (બુધ), સાંજે ૬ થી ૯-૩૦-**જ્ઞાનવિધિ**

**સ્થળ :** શિક્ષક સદન ઓડિટોરિયમ હોલ, કાવેરી ભવનની સામે, કે.જી.રોડ. **સંપર્ક :** ૯૫૯૦૯૭૯૦૯૯

### ઔરંગાબાદ

તા. **૬ ઓક્ટોબર** (શનિ) - **સત્સંગ** તથા **૭ ઓક્ટોબર** (રવિ) - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** સંત એકનાથ રંગ મંદિર, ઉસ્માનપુરા, **ઔરંગાબાદ.** **સંપર્ક**. : ૮૩૦૮૦૦૮૮૯૭

### જયપુર

તા. **૯ ઓક્ટોબર** (મંગળ), સાંજે ૬ થી ૮-૩૦-**સત્સંગ** તથા **૧૦ ઓક્ટો.** (બુધ), સાંજે ૫ થી ૮-૩૦-**જ્ઞાનવિધિ**

**સ્થળ :** ઉત્સવ હોલ, પી-૧૦, સેક્ટર-૨, વિદ્યાધર નગર, **જયપુર.** **સંપર્ક**. : ૯૩૫૧૪૦૮૨૮૫

### દિલ્હી

તા. **૧૨-૧૩ ઓક્ટો.** (શુક્ર-શનિ), સાંજે ૬ થી ૮-૩૦-**સત્સંગ** તથા **૧૪ ઓક્ટો.** (રવિ), સાંજે ૪-૩૦ થી ૮-**જ્ઞાનવિધિ**

**સ્થળ :** લોરેલ હાઈસ્કૂલ, અગ્રસેન ભવન પાસે, શિવા માર્કેટ સામે, પીતમપુરા. **સંપર્ક**. : ૯૮૧૧૪૮૮૨૬૩

**પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૦૫મી જન્મજયંતી તા. ૨૩ થી ૨૭ નવેમ્બર દરમ્યાન ભાવનગરમાં ઉજવાશે.**

ઓગસ્ટ ૨૦૧૨
વર્ષ-૧૭, અંક-૧૨
સળંગ અંક - ૨૦૪

# દાદાવાણી

Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/23/2012
Valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## પ્રતિક્રમણ જરૂરી, આજ્ઞા ન પળાયાના

આ જ્ઞાન મળ્યા પછી પાંચ આજ્ઞામાં વધારે રહેવું. બીજું કશું કરવા જેવું છે નહીં. સવારથી નક્કી કરવું કે પાંચ આજ્ઞામાં જ રહેવું છે ને ના રહેવાય તો રાત્રે પ્રતિક્રમણ કરી લેવું. એટલે બીજા દહાડે રહેવાય. પછી આગળ (જ્ઞાનનો) ફોર્સ વધતો જશે. એટલે મેં શું કાયદો કરેલો કે ભઈ, જેટલી આજ્ઞાઓ તમારાથી પળાય એટલી પાળો. તમારાથી ન પાળી શકાય તો દાદાની પાસે ક્ષમા માંગો. એ પ્રતિક્રમણ જ તમને ઉપર લઈ જશે, ટોપ ઉપર !

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.